७८६
—
९२

"વલા તકુલુ લે મૈંયુકતલો ફીસબીલિલ્લાહે અમ્વાત,
બલ અહયા ઉંવ્વલાકિલ્લા તશઓરૂન".

[અર્થ :- અને જેઓ અલ્લાહના માર્ગમાં માર્યા ગયા હોય (શહીદ થયા હોય) તેઓને મુર્દા ન કહો (મરેલા ન જાણો) બલકે તેઓ ઝિંદા (સજીવ) છે પરન્તુ તે તમે નથી જાણતા ]

— કુરઆને મજીદ

# શહીદે આઝમ

( રદ્દીયલ્લાહો તઆલા અન્હો )


-: સંપાદક :-

**પીરઝાદા સૈયદ દાદામિયાં શમ્સુદ્દીન કાદરી**

(કડીવાલા) રૂપાલ, વાયા બાવલા

જિ. અમદાવાદ-૩૮૨૨૨૦.


★


-: પ્રકાશક :-

**હૈદરી કમિટી (સુન્ની) – રાજકોટ.**

: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન :

# હૈદરી કમિટી [ સુન્ની ]

ઠે. આઈ. એન. ઇસાણી
૧, કેવડાવાડી, રાજકોટ–૩૬૦ ૦૦૨

★

**૨૫** પૈસાની ટપાલ ખર્ચ ટીકીટ મોકલીને
ઉપરના સરનામેથી આ કિતાબ મફત મેળવો

★

આવૃત્તિ : પ્રથમ　　પ્રત : ૨૦૦૦　　પ્રકાશ નં. ૫૩
માહે : મોહર્રમ　　હીજરી : ૧૪૦૨　　નવેમ્બર–૧૯૮૧

★

–: મુદ્રક :–

સત્સંગ પ્રિન્ટીંગ પ્રેસ, રાજકોટ–૩૬૦ ૦૦૧

# ★ બે બોલ ★

**નહમદો હુ વ નુસલ્લી અલા રસૂલે હિલ – કરીમ.**

---

સાગરને ગાગરમાં સમાવવું એ કેટલું અઘરું છે. તે સમજી શકાય તેવી વાત છે, તેમ શહીદે આઝમ હઝરત સૈયદના ઈમામ આલી મુકામ હુસૈન બીન અલી (રદીયલ્લાહો તઆલા અન્હો) ના પવિત્ર અને ઉચ્ચ જીવન ચરિત્રના સંપૂર્ણ ઉલ્લેખ માટે દળદાર ગ્રંથ પણ નાનું પુસ્તક જ ગણાશે

આંગળીના વેઢા ઉપર ગણી શકાય તેવા આ થોડાક પાનાની નાનકડી પુસ્તિકામાં હઝરત સૈયદના ઈમામ હુસૈન (રદીયલ્લાહો તઆલા અન્હો) ની જીવનની આછી રૂપરેખા એટલે જીવન ઝરમર રજૂ કરવાનો આ અલ્પ પ્રયાસ મેં હુસૈની કમિટી (સુન્ની) મોરબી તથા હૈદરી કમિટી (સુન્ની) રાજકોટ ના આગ્રહને માન આપી ને કર્યો છે.

વાંચક વર્તુળ પોતાની વિશાળ દૃષ્ટિ અને દરિયાદિલીથી આ પુસ્તિકા ને આવકારશે. એ આશા સાથે, દુઆ એ ખૈરમાં હંમેશા યાદ રાખવા નમ્ર વિનંતી કરું છું.

| | |
|---|---|
| રૂપાલ | લિ ખાદીમે કૌમ |
| વાયા : બાવલા | **દાદામિયાં એસ. કાદરી** |
| તા. ધોલકા | તા. ૮–૮–૮૧. |

બિસ્મીલ્લાહીર્રહમાનીર્રહીમ

# શ હી દે  આ ઝ મ

( રદીયલ્લાહો તઆલા અન્હો )

## જન્મ, નામ અને ખાનદાન

સૈય્યદુશ્શોહદા ઈમામ આલી મુકામ હુસૈન રદીયલ્લાહો તઆલા અન્હો) ની પવિત્ર હસ્તી તારીફ કે તારૂફની મોહતાજ નથી આપનો ઝિક્ર ફક્ત દુનિયાવાળા જ નહિં પરન્તુ આસ્માનવાળા પણ ઘણા માન સાથે કરી રહ્યા છે. ફક્ત મુસ્લિમો જ નહિં, દુનિયાની તમામ જ્ઞાતિ આપને ખૂબ ઈઝઝત ભરી નજરથી જુએ છે. અને આપની વીરતા અને હક્ક પરસ્તીના ગુણગાન મુક્ત કંઠે કરે છે હક્ક (સત્ય) માટે આપે જે અજોડ અને મહાન કુરબાની કરબલાના મયદાનમાં જગત સમક્ષ આપી છે. તે મહાન યાદગાર અનંતકાળ સુધી જગતના માનવી માટે સબક છે અને રહેશે.

હિજરી સન ૪ માં સબ્વાલ માસની ૫ મી તારીખે હઝરત સૈયદના ઈમામ હુસૈન (રદીયલ્લાહો અન્હો)નો જન્મ થયો આપ સરકારે દો આલમ તાજદારે અંબિયા હઝરત અહમદે મુજતબા મોહમ્મદ મુસ્તફા (સલલ્લાહો અલયહિ વસલ્લમ) ના અતિ વહાલા નવાસા, અને મૌલાએ કાયેનાત હઝરત અલી (કરમલ્લાહો વજહહુ) ના લાડલા પુત્ર અને

ખાતુને જન્નત હઝરત બીબી ફાતેમાહ ઝહરા (રદીયલ્લાહો અન્હા) ની આંખના તારા સમા સુપુત્ર હતા.

આપનું નામ મુબારક '**હુસૈન**' અને કુન્નીયત અબુ અબ્દીલ્લાહ છે સહાબાએ કિરામના દરમિયાન આપને બે મશહુર લકબ મળ્યા એક '**સૈયદ**' અને બીજો લકબ '**સીબ્ત**' આ બન્ને લકબ દરબારે નુબુવ્વતમાંથી પ્રાપ્ત થયા હતા. હુઝુર (સલલ્લાહો અલયહિ વસલ્લમ) ફરમાવતા હતા કે, હસન અને હુસૈન બન્ને જન્નતી જવાનોના સરદાર એટલે સૈયદ છે. અને તેઓ મારા અસ્બાત (અવલાદ) માંથી છે એટલે '**સીબ્ત**' છે આ સિવાય રશીદ, તૈયબ અને ઝકી વિગેરે લકબો પણ હતા

જ્યારે હઝરત ઇમામ હુસૈન (રદીયલ્લાહો અન્હો) ની પૈદાઇશની ખબર હુઝૂરને પહોંચી તો આપ તરતજ ત્યાં પધાર્યા અને આપે પોતે નવજાત ફરઝંદના કાનમાં અઝાન પઢી અને પોતાના પવિત્ર મુખમાથી થોડુક થુંક મુબારક તે બાળકના મોમાં લગાડયું અને દુઆએ ખૈર કરી.

આ બાળકના પિતા હઝરત અલી રદીયલ્લાહો અન્હો) એ આ મહાન પુત્રનું નામ હર્બ રાખ્યું હતું પણ રસૂલલ્લાહ (સલલ્લાહો અલયહિ વસલ્લમ) એ ફરમાવ્યું તે 'હર્બ' નહિ પણ '**હુસૈન**' છે. હસન અને હુસૈન જન્નતી નામોમાંથી છે. ઇસ્લામ પૂર્વે જગતમાં આવા નામ કોઇના પણ હતા

નહિ. જન્મના સાતમાં દિવસે આપની ખત્ના અને અકીકો કરવામાં આવ્યો માથાના બાલ ઉતારવામાં આવ્યા તેના ભારોભાર ચાંદીની ખેરાત કરવામાં આવી, બે ઘેટા ઝુબહ કર્યા.

શહીદે આઝમ ઈમામ હુસૈન (રદીયલ્લાહો અન્હો) દિવસનો મોટો ભાગ પોતાના પ્યારા નાના જાન બન્ને જહાનના સરદાર રહમતે આલમ (સલલ્લાહો અલયહિ વસલ્લમ) ના મહોબ્બતભરી છાયામાંજ પસાર કરતા માત્ર રાત્રે સુવાની વખતે પોતાની અમ્મીજાન બીબી ફાતેમાહ ઝહર રદીયલ્લાહો અન્હા ની સોડમાં જઇ લપાઇ જતા.

હઝરત ઈમામ આલી મુકામ હુસેન ઇબ્નેઅલી (રદી-યલ્લાહો અન્હો) ખાનદાને અહેલે બેત (નબીના ઘરવાળા) ના ચમકતા સિતારા છે. આપનું તે ખાનદાન છે જેની પાકીનું બયાન ખુદ અલ્લાહ તઆલા કુરઆને પાકમાં આ રીતે ફરમાવે છે કે **"ઇન્ન મા યોરીદુલ્લાહો લે યુઝહેબા અન કોમુર્રીજસ અહલલ બયતે વયો તહ-હેર કુમ તત હીરા".**

(અર્થ :- અલ્લાહ એજ ઇચ્છે છે કે અય નબીના ઘર-વાળા (અહેલે બેત) તમોથી દરેક (ગુનાહની) નાપાકીને દૂર કરી દે, અને તમને પાક કરીને ઘણા જ સાફ ને સ્વચ્છ બનાવી દે.) —સુરએ અહઝાબ

હઝરત ઈમામ હુસૈન (રદીયલ્લાહો અન્હો) છાતીથી લઇને પગ સુધી નીચેના ભાગમાં હુબહુ હુઝૂર નબીએ કરીમ

(સલલ્લાહો અલયહિ વસલ્લમ) ના જેવાજ હતા. હઝરત અબ્બાસ બીન અબ્દુલ મુત્તલીબ (રદીયલ્લાહો અન્હો) ના બીબી હઝરત ઉમ્મુલ ફઝલ (રદીયલ્લાહો અન્હા) એ આપને દૂધ પીવડાવ્યું

## ★ બાગે નબીના ફુલ ★

શહીદે આઝમથી હુઝૂરને અનહદ મહોબ્બત હતી, આપ વારંવાર ફરમાવતા હતા કે હસન અને હુસૈન મારી દુનિયાની (ઝિંદગીની) બહાર છે. તેઓ મારા ચમન-બાગ ના ફુલ છે. અને સાચેજ આપ પોતાના બન્ને નવાસાઓને ફુલની જેમ સુંઘતા હતા અને ફરમાવતા હતા કે હુસૈન મારા છે અને હું હુસૈનનો છું. અને હું હુસૈનને ચાહુ છું. અય અલ્લાહ ! જે હુસૈનને ચાહે તેને તું પણ ચાહજે.

એક વખત આપ (સલલ્લાહો અલયહિ વસલ્લમ) ખુત્બો પઢી રહ્યા હતા. તેવામાં હઝરત ઈમામ હસન અને ઈમામ હુસૈન ઘરમાંથી બહાર નિકળીને, લાલરંગના લીટીવાળા કુર્તા (ઝબ્બા) પહેરીને આવી રહ્યા હતા. બચપણના કારણે બન્ને ભાઈ લથડીયા ખાતા ખાતા ચાલતા હતા તેમને જોઈને રસૂલે ખુદા (સલલ્લાહો અલયહિ વસલ્લમ) મિમ્બર પરથી નીચે ઉતરી પડ્યા અને બન્ને નવાસાઓને ખોળામાં લઈને સામે બેસાડી દીધા.

હજ્જતુલ વિદાઅના મોકા પર આપ (સલલ્લાહો અલયહિ વસલ્લમ) જે ઐતિહાસિક ખુત્બો આપ્યો છે અને એક લાખથી

વધુ સહાબાઓની સમક્ષ આપે જે જાહેર એલાન ફરમાવ્યું તે આ પ્રમાણે હતું **"યા એય્યો હન્નાસો ઇન્ની તરકતો ફી કુમ મા ઈન અખઝ તુમ બેહી લન તદીલ્લુ- કિતાબુલ્લાહે વ ઇતરતી અહલો બયતી".**—મીશ્કાત

એટલે કે હે લોકો! જે તમારી વચ્ચે બે વસ્તુઓ છોડી છે. જ્યાં સુધી તમે તેને પકડી રાખશો ત્યાં સુધી કદી પણ ગુમરાહ (પથભ્રષ્ટ નહિં બનો, તે કઈ કઈ વસ્તુઓ છે સાંભળી લો, તે પૈકી એક અલ્લાહની કિતાબ છે (યાને કુરઆને મજીદ) અને બીજી મારી ઓલાદ જે મારા અહેલેબૈત છે. (યાને સાદાતે કિરામ). આ હદિષ શરીફથી પણ સ્પષ્ટ માલુમ થાય છે કે અહેલેબૈતની મહત્તા ખૂબ ઉચ્ચ છે. ઉમ્મત માટે તેમની મહોબ્બત ફર્ઝ અને તાઅઝીમ વાજીબ છે

હઝરત ઈમામ શાફઇ (રદીયલ્લાહો અન્હો) એ અહેલે- બૈતથી મહોબ્બત રાખવી અને તેમના સાથે હુસ્ને અકીદત રાખવી દરેક મુસલમાન માટે ફર્ઝ કહ્યું તો કેટલાક ઈર્ષાળુઓ એ આપના પર રાફઝી' નો ફતવો લગાવ્યો. આ ફતવાના જવાબમાં ઈમામ સાહેબે ચોખ્ખુ સંભળાવી દીધુ કે,

**"લવકાન રીફ્ઝન હુબ્બો આલે મોહમ્મદી,**
**ફલયશહદીસ્સકલાને ઈન્ની રાફ્ઝી."**

મતલબ કે અગર આલે મોહમ્મદની મહોબ્બતથી જ તમારા નજદીક રાફઝી ગણાતા હોય, તો આખી દુનિયાના

જીન અને ઈન્સાન સાક્ષી થઈ જાય કે આ અર્થમાં સાચેજ હું રાફ્ઝી છું.

એક આશીકે. આલે રસૂલે તો ત્યાં સુધી કહી દીધું કે,

**"એ હુબ્બે અહેલેબૈત એબાદત હરામ હય,**
**ગાફીલ તેરી નમાઝકો મેરા સલામ હય".**

અલ્લાહ તઆલા તમામ મુસલમાનોને અહેલેબૈતે કિરામ ના મહોબ્બત અને અકીદતમંદી નશીબ કરે. —આમીન

## ★ અહેલેબૈત અને સહાબાએ કિરામ ★

મોટા મોટા જલીલુલ કદ્ર સહાબાઓ પણ હઝરત ઈમામ હુસૈન (રદીયલ્લાહો અન્હોમા) ની નાની ઉંમર હોવા છતાં તેમની સાથે ખૂબજ અદબથી વર્તતા હતા. ત્વારીખ ઇબ્ને કસીરમાં છે કે. અમીરૂલ મોમેનીન હઝરત સિદ્દીકે અકબર (રદીયલ્લાહો અન્હો) પણ પોતાની ખિલાફતના સમયે પણ આપની ઇઝઝત કરતા હતા. એજ પ્રમાણે હઝરત ઉમર ફારૂક (રદીયલ્લાહો અન્હો) પણ અદબ જાળવતા હતા. ફક્ત સહાબાઓજ નહિ હર એક ઇન્સાન આપની તાઅઝીમ બજાવી લાવતા. આપની મજલીસમાં લોકો એવોજ અદબ રાખતા હતા જેવો હુઝૂર (સલલ્લાહો અલયહિ વસલ્લમ) ની પુનિત સેવામાં રાખતા હતા.

હઝરત ઉમર ફારૂક (રદીયલ્લાહો અન્હો) ના દૌરે ખિલાફતમાં વઝીફા (પગાર) નક્કી કરવામાં આવ્યો તો આપે

બીજા સહાબાઓ કરતા હઝરત ઇમામ હસન અને હઝરત ઇમામ હુસૈન (રદીયલ્લાહો અન્હોમા) નો પગાર પાંચ હજાર વધુ મુકર્રર કર્યો. જે બદ્રની લડાઇમાં શામેલ થનારા સહાબાના વઝીફાના બરોબર હતો આથી હઝરત ઉમર ફારૂક (રદીયલ્લાહો અન્હો) ના ફરઝંદ હઝરત અબ્દુલ્લાહે પોતાના વાલિદ સાહેબને પુછ્યું કે, તમે હસન અને હુસૈનને શા માટે વઝીફો વધારે આપો છો. ત્યારે આપે ફરમાવ્યું કે તેઓ અહેલે બૈતમાંથી છે એટલા માટે.

એક વખત હઝરત અમીર મુઆવીઆ (રદીયલ્લાહો અન્હો) એ કુરૈશના એક માણસને કહ્યું કે તું જ્યારે મસ્જિદે નબવીમાં દાખલ થાય અને એવી જમાઅતને જુએ કે જે ચુપચાપ ખામોશ એવી બેઠી હોય, કે જેવી તેમના માથા ઉપર પક્ષીઓ બેઠેલા હોય તો તું જાણી લેજે કે તે જમાઅત હઝરત ઇમામ હુસૈન (રદીયલ્લાહો અન્હો)ની હશે.

હઝરત ઉમર ફારૂકે આઝમ (રદીયલ્લાહો અન્હો) મિમ્બર પર ખુત્બો આપી રહ્યા હતા એવામાં બાળ હુસૈન ખેલતા ખેલતા ત્યાં આવીં ચઢયા અને બાળ ભાષામાં કાલી બોલીથી બોલ્યા

"મારા બાપના મિમ્બર પરથી ઉતરી જાવ તમારા બાપના મિમ્બર પર જઇને બેસો"

હઝરત ફારૂકે આઝમ (રદીયલ્લાહોં અન્હો) મુસ્કુરાયા અને બોલ્યા હુસૈન ! મારા બાપનો તો કોઇ મિમ્બર છે જ

નહિં." તેમ કહી બન્ને હાથથી હુસૈનને તેડી લીધા અને પોતાની પાસે બેસાડી દીધા, આ છે શાને હુસૈન કે, એક સમયના ખલીફા જેમનાથી જમીન પણ કાંપતી હતી તેવી જલીલુલ કદ્ર હસ્તી પણ તેમના માનમાં મિમ્બર પરથી નીચે ઉતરી જાય અને તેમનાથી પ્યાર કરે ને તાઅઝીમ બજાવી લાવે.

આવા મહાન સહાબાઓ જો અહેલેબૈતનું આટલું માન જાળવતા હોય તો આજના મુસલમાનોએ પણ અહેલેબૈતની અદબ કરવી કેટલી જરૂરી છે, તે સમજવું જોઇએ

યમનથી કપડાં આવ્યા હઝરત ઉમર ફારૂકે આઝમ (રદીયલ્લાહો અન્હો) એ બધાને વહેંચી આપ્યા. લોકો કપડાં પહેરીને ફરવા લાગ્યા તે વખતે હઝરત ઇમામ હસન અને હુસૈન (રદીયલ્લાહો અન્હોમા) ના શરીર પર નવા કપડા જોવા ન મળ્યાં હઝરત ઉમ્મર ફારૂકનું દિલ બળી ગયું, આપે તરતજ યમનના હાકીમ પર હૂકમ મોકલ્યો કે તાત્કાલિક સારી જાતના બે જોડ કપડાં મોકલી આપો. જ્યારે તે બે જોડ યમનથી આવી અને તે બન્ને જોડ હઝરત ઇમામ હસન અને ઈમામ હુસૈન (રદીયલ્લાહો અન્હોમા) એ પરિધાન કર્યા ત્યારે જ એમના જીવને શાંતિ થઇ

## ★ ઇમામ આલી મુકામની તાઅલીમ ★

શહીદે કરબલા હઝરત ઈમામ હુસૈન (રદીયલ્લાહો અન્હો) ની તાઅલીમ અને તરબીયતનું શું કહેવું કે જેમના નાના

ખૂદ મદીનતુલ ઇલ્મ હોય, જેમના વાલીદ બાબુલમદીનતુલ ઇલ્મ હોય, અને ખાતુને જન્નત જેમના અમ્મીજાન હોય તેવા બાળકની તરબીયતના માપ માટે આપણા ગજ નાના પડશે.

સૈયદના ઈમામ હુસૈન રદીયલ્લાહો અન્હો) ઈલ્મો-ઈર્ફાનની અખૂટ ખાણ હતા ફક્ત ઇલ્મેલદુન્ની કે જે સીના બસીના ચાલી આવતી નેઅમત છે તે જ નહિ પણ આપ દરેક વિષયમાં પ્રવિણ હતા. આપના કોઇ ખાસ ઉસ્તાદ હોય તે જાણવા મળતુ નથી. પરન્તુ આ વાત પર સર્વ સંમતિ સધાય છે કે આપ ઇલ્મના શહેરના દરવાજા એવા હઝરત અલી (રદીયલ્લાહો અન્હો) હરત અબ્દુલ રહેમાન (રદીયલ્લાહો અન્હો) તેમજ અન્ય સહાબાએ કિરામથી આપે કુરઆને મજીદની તાઅલીમ લીધી હોવાનું મનાય છે. રૂહાની ઇલ્મો ફઝલનો પ્રચાર કરવાનો આપને ખાસ શોખ હતો ઘણા સહાબા પણ આપથી ફૈઝયાબ થયા છે ઇલ્મે કુરઆન. હદિષ, તફસીર અને ફિકહના આપ પ્રખર જ્ઞાની હતા. આ સિવાય ઇલ્મે-ફનમાં પણ આપ નિષ્ણાત ગણાતા હતા આપનો વાત ચીતનો સ્વભાવ પ્રશંસનીય ગણાતો હતો.

આપની નશીહતો, વાએઝો, નઝમો અને આપના પત્રો આજે પણ ઈલ્મી દુનિયાને ઉચ્ચ પ્રકારનું માર્ગ દર્શન પુરૂ પાડે છે.

## * શહીદે આઝમની શાદી *

સરવરે કૌનેન ના નવાસા ઈમામ આલી મુકામ હુસૈન રદીયલ્લાહો અન્હો)ની શાદી મુબારક ઈરાનના શહેનશાહની શાહઝાદીશ હરબાનું સાથે થઈ હતી શહરબાનુ શહેનશાહ આદિલ નવશીરવાનની પૌત્રી હતા. શહરબાનુને પોતાના નામદાર સૌહર (પતિ) પ્રત્યે અનહદ લાગણી અને સાચી મહોબ્બત હતી એક આદર્શ સન્નારી તરીકે ઇસ્લામની ખાતુનોને આપે જે સબક આપ્યો છે. તે ઈતિહાસના પાના પર હમેશા રૌશન રહેશે મયદાને કરબલામાં પણ સાચાં સાથીદાર તરીકે આપ કામયાબ રહ્યા છે. જો કે શહરબાનુ એ ભૂખ તરસ અને તડકાનુ નામ પણ સાંભળ્યું ન હતું કરણ કે તેઓ એક મોટા શહેનશાહની શાહઝાદી હતા. કિન્તુ ઇમામ હુસૈન (રદીયલ્લાહો અન્હો)ના નિકાહમાં આવ્યા બાદ હઝરતની સાથે તમામ તકલીફો સહન કરવામાં સાબેરા બની ગયા હતા. શહરબાનું સિવાય આપની બીજી બીબીઓ પણ હતા

## ✖ ઉચ્ચ સંસ્કારના શ્રેષ્ઠ નમુના ✖

એક વખત એક સાઇલ માંગનાર) હઝરત ઈમામ હુસૈન (રદીયલ્લાહો અન્હો) ની સેવામાં હાજર થયો અને સવાલ કર્યો હઝરતેને કહ્યું કે સવાલ ફકત ત્રણ હાલતો માંજ કરી શકાય છે. (૧) અતિશય દેવું હોય (૨) ખૂબજ તગ દસ્તી હોય (૩) કોઇના ભરણ પોષણનો બોજો (અસલ આવી પડ્યો હોય તોજ સવાલ કરી શકાય છે ત્યારે પેલા સાઇલે કહ્યું કે

હુઝુર હું એ હાલતોથી બહાર નથી ત્યાર બાદ આપે પુછયું કે મોટાભાઈએ તમને શુ આપ્યું છે તેણે જવાબ આપ્યો કે ૧૦૦ દિનાર આપ્યા છે. આપે તેનો આ જવાબ સાંભળીને મોટાભાઈના અદબ ખાતર તેમની બરાબરી ન થાય તે માટે સાઈલને નવ્વાણું દિનાર આપે છે. પછી એ સાઈલ હઝરત અબ્દુલ્લાહ બીન ઉમર (રદીયલ્લાહો) ની પાસે જઈને સવાલ કરે છે હઝરત અબ્દુલ્લાહ (રદીયલ્લાહો અન્હો) કાંઈ પણ પૂછયા સિવાય તેને ૭ દિનાર આપી દે છે ત્યારે પેલો સાઈલ આપને પૂછે છે કે હઝરત ઈમામ હસને (રદીયલ્લાહો અન્હો) મને ૧૦૦ દિનાર આપ્યા અને ઈમામ હુસૈન (રદીયલ્લાહો અન્હો એ ૯૯ દિનાર આપ્યા અને આપતા પહેલા સવાલ વિષે ત્રણ વાત કહી પણ આપે તો કશુંજ કહ્યું પણ નહીં. અને પુછયું પણ નહીં.

તો હઝરત અબ્દુલ્લાહ બીન ઉમર (રદીયલ્લાહો અન્હો) એ જવાબ આપ્યો કે હું એ બન્ને બુઝુર્ગોની બરાબરી કરી શકતો નથી તેઓ બન્ને મારા કરતા ઈલ્મમાં અને માલમાં ઘણાજ આગળ છે

એક વખત હઝરત ઈમામ સાહેબ પોતાના ઘરમાં મહેમાનો સાથે જમી રહ્યા હતા આપનો ગુલામ દરેક જાતના પકવાન પીરસી રહ્યો હતો એવામાં અચાનક સેવકના હાથમાંથી ગરમા ગરમ શાકથી ભરેલો વાટકો હઝરત ઈમામ આલી મુકામના મુબારક ચહેરા પર પડી ગયો બિચારો

ગુલામ થર થર ધ્રુજવા લાગ્યો. એના હાથથી ઈમામને પહોંચેલી તકલીફથી રોવા લાગ્યો. ઈમામ આલી મુકામને અસહ્ય પીડા થઈ. ચહેરો સુજી ગયો તેમ છતાં આપ સેવક પર ગુસ્સે ન થયા તમામ પીડાને સહન કરી લીધી અને ગુલામને ખુશ ખબરી સંભળાવી કે જા આજથી તું આઝાદ છે ને તેને આઝાદ કરી પણ દીધો આવી હતી આપની વિશાળ દરિયાદિલી.

## ● ઈબાદત રિયાઝત અને સખાવત ●

સૈયદના ઈમામ હુસૈન (રદીયલ્લાહો અન્હો) ઘણાજ બુઝુર્ગ દરેક બાબતમાં સુન્નતની પયવીના સૈદાઈ હતા, ઘણાજ ઈબાદતગુઝાર અલ્લાહથી ડરનારા હતા ઘણી વખત આખી આખી રાત ઈબાદતમાં પસાર કરી દેતા. રોઝા વધુ પ્રમાણમાં રાખતા. ખુદાથી એટલા ડરતા કે સાંજથી રોવાનું ચાલુ કરતા તો સવાર સુધી રડ્યાજ કરતા, તોબા અસ્તગફારનો પણ એજ મામલો હતો આ બધા ગુણો એ જ આપને સર્વોચ્ચતાના શિખર પર સ્થાન આપ્યું.

સવારીનું સંપૂર્ણ સાધન હોવા છતાં આપે ૨૫ વખત પગપાળા હજ્જ અદા કરી છે. સદકા અને ખૈરાતમાં આપ માલનો બેધડક છૂટથી ઉપયોગ કરતા. સખાવતમાં અને દુનિયાથી બેપરવાઈમાં આપ પોતાના નાનાજાન હુઝૂર (સલલ્લાહો અલયહિ વસલ્લમ) અને પોતાના વાલિદ હઝરત

અલી ( કરમલ્લાહો વજહહુ ) ના પુરેપુરા નમુના હતા. દૌલતને આપ કદી એકઠી નહોતા કરતા જયારે પણ માલ આવતો ત્યારે આપ તેને વહેંચી આપ્યા વગર પોતાની જગ્યાએથી ન ઉઠતા. કોઈ સાઇલ આપના દરવાજેથી ખાલી ન જતો, સંબધીઓને પણ આતાપ બક્ષીસ આપ મોહતાજોની હાજત પુરી કરવી, નાગાને કપડા પહેરાવવા ભુખ્યાને ખવડાવવુ, દેવાદારનું દેવું ચુકવવુ, આ બધી આપની ખાસ આદતો હતી. દીનદારો, અહેલે ઇલ્મ અને શાયરોની પણ મદદ કરતા. એક રિવાયત મુજબ આપ પોતે પણ એક સારા શાયર હતા.

## * મુઆહિદાના જિંદગી *

મુઆહિદાના જિંદગીમાં આપ અજોડ રહ્યા છે. હઝરત ઉમર ફારૂક (રદીયલ્લાહો અન્હો ના સમય સુધી નાની વયના કારણે જિહાદમાં શરીક થવાની પરવાનગી ન મળી હઝરત ઉસ્માન ગની (રદીયલ્લાહો અન્હો ના વખતથી આપ જિહાદ માં શરીક થવા લાગ્યા હિજરી સન ૨૬ માં આપે આફ્રીકાની લડાઇમાં ભાગ લીધો હતો હિજરી સન ૩૦માં તબરિસ્તાનના જિહાદમાં શરીક હતા હિજરી સન ૫૧ માં કુસતુનતુનીયાહની લડાઇમાં આપનો હિસ્સો હતે અને હઝરત અલી (રદીયલ્લાહો અન્હો સાથે તો દરેક યુદ્ધમાં હાજર રહીને પોતાની અજોડ બહાદૂરીના જોહર દેખાડતા રહ્યા આપની સુજાઅત, દિલેરી હિમ્મત વગેરેના કારનામા લખવા માટે તો ખાસ જૂદી કિતાબ લખવી ઘટે

## ★ શહાદતનો મૂળ હેતુ ★

સૈય્યદુસ્સાદાત હઝરત ઈમામ હુસૈન (રદીયલ્લાહો અન્હો) ની શહાદત એ તો મરઝીએ મૌલા અને હૂઝૂર નબી કરીમ (સલલ્લાહો અલયહિ વસલ્લમ)ની પેશીનગોઈઓ હતી. અલ્લાહની રઝા પર રાઝી રહેવા માટે, દીને બરહકકને દુનિયામાં કાયમ રાખવા માટે ઈસ્લામનો પરચમ હંમેશા લહેરાવતો રાખવા માટે, તમામ કષ્ટોનો સામનો કરીને અલ્લાહની રાહમાં હકની તરફદારી ખાતર, બાતીલ જૂઠ)ની સામે આપ ન ઝૂકયા, ગરદન કપાવી દીધી પણ અસત્યની સામે ગરદન ઝુકાવી નથી. મયદાને કરબલામાં સત્યના સિદ્ધાંતોની રક્ષા કાજે હક્ક પરસ્તીના પરચમને ફરકતાં રાખવા માટે. દુરાચારી શરાબી અભિમાની અને અત્યંત ઝાલિમ એવા યઝીદ પલીદ ની સામે અવાજ ઉઠાવીને ઈમામ આલી મુકામે જે મહાન બલીદાન આપ્યું છે તે ફક્ત સાધારણ બનાવમાં ખપાવી દેવું એ આપણી સૌથી મોટી બેવફાઈ ગણાશે. શહાદતનું મૂળ હેતું સત્યનું રક્ષણ કરવાનું હતું.

## ● ખિલાફત પ્રકરણ ●

હુઝૂર રહેમતે આલમ, નૂરે મુજસ્સમ તાજદારે અંબિયા (સલલ્લાહો અલયહિ વસલ્લમ) ના વિસાલ બાદ મુસ્લિમોમાં સર્વ સંમતિ સધાતા હઝરત અમીરૂલ મોઅેનીન અબુબક્કર (રદીયલ્લાહો અન્હો) ખલીફા બન્યા, આપના અને હઝરત ઉમર ફારૂક (રદીયલ્લાહો અન્હો)ના ખિલાફત દૌરમાં તમામ

મુસલમાનો કાફીરો સામે લડવામાં અને ઈસ્લામની તબ્લીગ કરવામાં મશગુલ હતા એટલે એ બધો સમય પસાર થયો અને ખિલાફત પ્રકરણ શાંત પડી ગયું. પણ હઝરત ઉમર ફારૂકે આઝમ (રદીયલ્લાહો અન્હો) ની શહાદત પછી ખિલાફતની ચળવળે ફરી જોર પકડયું હઝરત ઉસ્માન ગની (રદીયલ્લાહો અન્હો) ખલીફાતો બન્યા પણ વિદ્રોહીએ આંતરિક વિરોધ ચાલુ રાખતા આખરે તે બગાવત હઝરત ઉસ્માન ગની (રદીયલ્લાહો અન્હો)ની શહાદતમાં પરિણમિ ચોથા ખલીફા હઝરત મૌલાએ કાયેનાત શેરેખુદા હઝરત અલી કરમલ્લાહો વજહહુ) ની શહાદત પછી તેમના મોટા સાહેબઝાદા હઝરત ઈમામ હસન (રદીયલ્લાહો અન્હો)એ હઝરત અમીર મુઆવીયા (રદીયલ્લાહો અન્હો ની તરફદારીમાં ખિલાફતથી દૂર થઈને યાદે ઈલાહી પ્રવૃત્ત બની ગયા મુસલમાનોના આંતર વિગ્રહને દબાવી દેવા અને સુલેહ શાંતિની સ્થાપના કરવા આપે પોતાનો હક્ક પણ ત્યજી દીધો હઝરત સૈયદના ઈમામ હસન મુજતબા (રદીયલ્લાહો અન્હો નો સ્વભાવ સુલેહ પસંદીનો હતો.

### ★ અમીર મુઆવીયાની વફાત ★

હિજરી સન ૬૦ માં રજ્જબ માસમાં દમીશ્ક મુકામે હઝરત અમીર મુઆવીયા (રદીયલ્લાહો અન્હો) લકવાંની બિમારીમાં વફાત પામ્યા વફાત પહેલા આપે એવી નશીહત કરી હતી કે મારી પાસે હુઝૂર રહેમતુલલીલ આલમીન

(સલલ્લાહો અલયહિ વસલ્લમ) ની પાંચ તબર્રૂકાત છે જેને મેં જીવનભર જીવની માફક સાચવી છે. તે પાંચ વસ્તુઓ પૈકી એક હુઝૂરની સરવાલ, બીજી ચાદર, ત્રીજી કમીસ, ચોથી બાલ મુબારક પાંચમી નખ મુબારક મારા ખજાનામાં મૌજુદ છે. તેમાંથી હુઝૂરના સરવાલ અને કમીસમાંથી મને કફન આપજો અને હુઝૂરના બાલ મુબારક અને નખ મુબારક મારા શરીર પર મુકી દેજો લોકોએ પણ આપની વસીયત પ્રમાણે કર્યું અને એજ રીતે દફન પણ કર્યા.

હઝરત અમીર મોઆવીયા (રદીયલ્લાહો અન્હો)ની વફાત બાદ તેમનો નાલાયક, અત્યંત ઝાલિમ અને બદકાર બદ નસીબ. દુરાચારી પુત્ર યઝીદ પલીદ તખ્તે સલ્તનત પર આવી બેઠો અને તેણે તરતજ ચારે તરફ પોતાની બૈઅત કબુલ કરાવવા માટેના ફરમાનો લઈને કાસીદોને રવાના કરી દીધા.

યઝીદ પલીદનો કાસીદ (ટપાલી યઝીદનું ફરમાન લઇને મદીના આવ્યો, મદીનાં શરીફના ગવર્નર હાકીમ) વલીદ બીન ઉકબાને યઝીદનું હુકમનામું આપ્યું. આ હુકમનામામાં યઝીદે સ્પષ્ટ જણાવ્યું હતું કે, "મદીના મુનવ્વરાના તમામ લોકો પાસે મારી બૈઅત કબુલ કરાવો અને ખાસ કરીને હઝરત ઇમામ હુસૈન રદીયલ્લાહો અન્હો) હઝરત અબ્દુર્રહમાન બીન અબુબક્કર (રદીયલ્લાહો અન્હો), હઝરત અબ્દુલ્લાહ બીન ઉમર રદીયલ્લાહો અન્હો) અને હઝરત અબ્દુલ્લાહ બીન ઝુબેર (રદીયલ્લાહો અન્હો) ને એક પણ

ક્ષણની મોહલત આપ્યા વિના તરતજ વિના વિલબે મારી બૈઅત કબુલ કરાવી લો.

યઝીદનું ફરમાન વલીદ બીન ઉકબાને મળતાની સાથેજ તેણે તરતજ હઝરત ઈમામ હુસૈન (રદીયલ્લાહો અન્હો ને ગવર્મેન્ટ હાઉસમાં બોલાવ્યા અને યઝીદના હુકમને વાંચી સંભળાવ્યો. યઝીદની બૈઅત કબુલ કરવા કહ્યું ત્યારે ઈમામ આલી મુકામ હઝરત હુસૈન (રદીયલ્લાહો અન્હો) એ સાફ સાફ સંભળાવી દીધું કે યઝીદ જેવા નાલાયક દુરાચારી અને ઝાલિમના હાથ પર હું મારો હાથ ન આપી શકું (એટલે કે મને યઝીદની બૈઅત કબુલ નથી)

જ્યારે ઈમામે યઝીદ પલીદની બૈઅતનો ઈન્કાર કરી દીધો ત્યારે વલીદ બીન ઉકબાએ આપને ખૂબજ નરમી પૂર્વક આપને સમજાવ્યા અને આ ઈન્કારથી આવનાર ખતરનાક પરિણામ તરફ ઈશારો કર્યો પણ આપ હરગીઝ તે વાતને માનવા તૈયાર ન હતા વલીદ બીન ઉકબાએ થોડાક દિવસ આ બાબત પર વિચારવા આપને સમય આપ્યો. અને ઘરે જઈ સગા-સંબધીઓ સાથે ચર્ચા-વિચારણા કરીને યોગ્ય માર્ગ કાઢવા માટે આપને માન પૂર્વક ગવર્મેન્ટ હાઉસમાંથી વિદાય આપી.

સૈયદના ઈમામ હુસૈન (રદીયલ્લાહો અન્હો) સારી રીતે સમજી શકતા હતા કે યઝીદની બૈઅતનો ઈન્કાર કરવાથી તેનું પરિણામ ઘણું દુઃખદ હશે. યઝીદ આપની જાનનો

દુશ્મન અને લોહીનો પ્યાસો બની જશે. પરન્તુ ફરઝંદે મુસ્તફાથી એ કેવી રીતે શકય બને કે તકવા અને દયાનતને છોડીને એક ફાસીક અને ફાજીરના હાથમાં બૈઅત આપી પોતાનો જીવ તો બચાવી શકે પણ તમામ મુસલમાનોની તબાહી અને દીને ઇસ્લામની બરબાદીનો કોઇ ખ્યાલ ન કરે.

જો આપ યઝીદની બૈઅત કબુલ કરી લે તો ઇસ્લામ ખતમ થઇ જાત. માનવતા મરી પરવારી હોત. અને બધા મુસલમાન એમ સમજી લેતા કે યઝીદનો દરેક અમલ ઇસ્લામ વિરોધી નથી. તેની બદકારી જાએઝ છે તેવી તેના માટે સનદ બની જાત માટે આપે યઝીદનાં બૈઅતનો ઇન્કાર કર્યો.

મદીના શરીફના રાજ્યપાલ વલીદ બીન ઉકબા ઉપર યઝીદ પલીદનું ફરીવાર કડક શબ્દોમાં હુકમનામુ મળ્યું કે જો ઇમામ હુસૈન (રદીયલ્લાહો અન્હો) મારી બૈઅત કબુલ ન કરે તો તેમનું માથુ કાપીને મારી પાસે મોકલી આપો (એટલે કે તેમને શહીદ કરી દો)

વલીદ બીન ઉકબાએ યઝીદના આ નાપાક ઇરાદાની ઇમામ આલી મુકામને જાણ કરી અને મદીના એ મુનવ્વરામાં આપનું રહેવુ જોખમ ભર્યું છે તેવી સલાહ પણ આપી. કેટલા સહાબાઓએ પણ આપને એજ સલાહ આપી કે આવી પરિસ્થિતિમાં આપ મદીના છોડી દો એજ આપના માટે સલામતી ભર્યું પગલુ છે.

## ** વ્હાલા વતનથી હિજરત **

શાબાનની ચોથી તારીખ હિ ૬૦ ના દિવસે ઇમામ આલી મુકામ હુસૈન (રદીયલ્લાહો અન્હો) પોતાના અહેલે બૈતના સાથે મદીના શરીફથી હિજરત કરે છે. આખરી સલામી માટે વ્હાલા નાના જાનના રોઝામુબારક પર રડતી આંખે સલામ અર્ઝ કરીને વિદાય થાય છે. જન્નતુલબકીયામાં પ્યારી અમ્મીજાન અને મોટાભાઇના મઝાર શરીફ પાસે જઈ છેલ્લી સલામ કર વ્હાલા વતનથી પોતાના ભાઇ–ભાંડુ બીબી–બચ્ચા. ભાણેજ - ભત્રીજા અને ગુલામ ખાદીમો ના કાફલા સાથે જ્યારે આપ મક્કા એ મુઅઝઝમા તરફ રવાના થાય છે. ત્યારે દરેક નાના મોટા મદીનાવાસીઓ રસૂલલ્લાહના આ અતિ વ્હાલા નવાસાને અશ્રુભીના વિદાય આપે છે.

## * મક્કામાં ઉમળકાભેર સ્વાગત *

ઇમામે આલી મુકામનો કાફલો મક્કાશરીફ પહોંચે છે તો મક્કાવાસીઓ હોંશે હોંશે ઈમામ હુસૈન (રદીયલ્લાહો અન્હો) ના આગમન પર ખુશીથી તેમનું સ્વાગત કરવા દોડી જાય છે. તેમના પવિત્ર આગમનને પોતાની ખુશનશીબી સમજે છે. હઝરત સૈયદના ઇમામ આલી મુકામ (રદીયલ્લાહો અન્હો) શાબાન. રમઝાન, સવ્વાલ અને ઝીલકાદ ચાર મહીના ખૂબ શાંતિથી ઇઝઝત અને માન મરતબાથી ગુજારે છે. મક્કાવાળાઓ પણ આપના ફૈઝ અને બરકતોથી માલામાલ થાય છે

## ✻ કુફીઓની ૧૫૦ અરજીઓ. ✻

ઈરાકીઓ અને તેમાં પણ ખાસ કરીને કુફાવાળાઓએ હજુ સુધી યઝીદ પલીદની બૈઅત કબુલ નહોતી કરી તેઓ હઝરત ઈમામ હુસૈન (રદીયલ્લાહો અન્હો) ની તરફદારી કરી રહ્યા હતા અને તેમનેજ ખલીફા બનાવવા ઉત્સુક હતા. એટલે કેટલાક આગેવાનોએ અને સરદારોએ હઝરત ઈમામ આલી મુકામને કુફા બોલાવવા માટે વિનંતી ભર્યા શબ્દોમાં અરજીઓ લખવાની શરૂ કરી દીધી.

કુફીઓએ તેમના સરદારોની સહી સિક્કા સાથે એક પછી એક ૧૫૦ અરજી અને પત્રો મારફત ઈમામને આમંત્રણ આપવા લાગ્યા. અને અરજીઓમાં વિનવણીને કાકલુદી થી તેઓએ લખ્યું કે "યઝીદ પલીદના ઝુલ્મથી બચાવવા માટે, દીને હક્કના રક્ષણ કરવા માટે. અય ઈમામ આલી મુકામ ! આપ કુફા પધારો અમે આપના હાથ પર બૈઅત કરીશુ અમે આપને અમારા ખલીફા બનાવીશું. સમય આવે અમે તેવી કુરબાની આપવા તૈયાર રહીશું. આપ અમારી રહેબરી માટે જલ્દીથી કુફા પધારો.

આ પ્રમાણેના વિનંતી ભર્યા પત્રો અને અરજીઓ વારંવાર ઈમામ હુસૈન (રદીયલ્લાહો અન્હો) ને મળતી રહી.

## ✻ કુફા જવાનું મૂળ કારણ ✻

કોઈ કૌમ એક ઝાલિમ અને ફાસિકની બૈઅત પર રાઝી ન હોય અને કોઈ એવા શખ્સની ઈચ્છા કરે કે, જે

દરેક પ્રકારે ખલીફા બનવાના લાયક અને હકદાર હોય હવે તેજ શખ્સ તે કૌમની ઈચ્છાઓને માંગણીઓને ઠુકરાવી દે તો તેનો અર્થ એજ નિકળે કે તે શખ્સ કૌમને એક ઝાલિમ અને ફાસીકને હવાલે કરવા ચાહે છે.

હવે વિચાર કરો કે ઇમામ સાહેબ દરેક રીતે ખલીફા બનવાના લાયક અને હકદાર હતા જો આ વખતે તેઓ કુફીઓની માંગણીને માન ન આપે તો, કાલે કેયામતમાં કુફીઓ ખુદાને એમ કહી દે કે અમે તો ઇમામ હુસૈન (રદીયલ્લાહો અન્હો ને અનેક વિનતીઓ કરી હતી પણ તેઓએ અમારી માંગણીનો સ્વીકાર ન કર્યો એટલે ન છૂટકે અમારે યઝીદપલીદની બૈઅત સ્વીકારવી પડી. કુફા જવાનું મૂળ કારણ આજ હતું કે જો ઇમામ હુસૈન (રદીયલ્લાહો અન્હો) તેમની માંગણીનો અસ્વીકાર કરે તો તેઓ કેયામતમાં જવાબદાર બની જવાનો પુરેપુરો ડર હતો. અને આ એક એવો મસઅલો આપની સમક્ષ હતો કે જેને હલ કર્યા સિવાય કોઇ માર્ગ ન હતો આપે કુફા જવાની તૈયારી કરી તો તે સમયના ઘણા સહાબાઓ આપને કુફા નહિ જવાની સલાહ આપી પરંતુ ઇમામ આલી મુકામે એ તમામની સામે આ મસઅલો મુકયો કે કુફીઓની આ માગણીનો અસ્વીકાર કરવા માટે મારી પાસે બીજો કોઈ 'શરઇ ઉઝર' નથી શહીદે આઝમ કુફીઓની અરજીઓને રદ્દ કરી શકે તેવો કોઈ રસ્તો ન થતા આપે એ પેચીદા મસઅલાને હલ કરવા કુફા જવુ એજ નક્કી કર્યું.

# ✻ ઇમામ મુસ્લિમની રવાનગી ✻

ન છૂટકે હઝરત ઇમામ હુસૈન (રદીયલ્લાહો અન્હો) એ એવો માર્ગ કાઢયો કે પ્રથમ પોતાના પિતરાઈ ભાઈ હઝરત ઇમામ મુસ્લિમ બીન અકીલ (રદીયલ્લાહો અન્હો) ને પોતાના પ્રતિનિધિ તરીકે કુફા મોકલવા. અને તેમના હાથ ઉપર કુફાવાળા બૈઅત કરે તેમણે લખેલા વચનનું પાલન કરે. અને વફાદારીથી વર્તે ત્યાર બાદ પોતે પણ કુફા જવું એમ નક્કી કર્યું. અને હઝરત મુસ્લિમ બીન અકીલ (રદી-યલ્લાહો અન્હો) ને કુફા જવા માટે આદેશ આપ્યો અને કુફાવાળાને સંબોધી એક પત્ર પણ લખી આપ્યો. શહીદે આઝમે લખ્યું કે 'અય કુફાવાસીઓ તમારા સતત આગ્રહને માન આપીને હું મારા નાયબ તરીકે મારા કાકાના દિકરા હઝરત ઇમામ મુસ્લિમ બીન અકીલ (રદીયલ્લાહો અન્હો)ને તમારી તરફ મોકલી રહ્યો છું. તમે લોકો તેમને મારા પ્રતિ-નિધિ જાણજો અને તેમના હાથ પર મારી બૈઅત કબુલ કરજો અને તમે લખેલા વચન પ્રમાણે તેમની સાથે વર્તશો અને વફાદારીની પુરેપુરી ખાત્રી અપાવશો તો મારા ભાઈને તમારા પર વિશ્વાસ આવશે અને જ્યારે તે મને વફાદારીની જાણ કરશે તો હું પણ ઇન્શાઅલ્લાહ જરૂરથી કુફા આવીશ આવો એક પત્ર લખીને હઝરત ઇમામ મુસ્લિમ બીન અકીલ (રદીયલ્લાહો અન્હો) ને કુફા રવાના થવા કહ્યું તો હઝરત ઇમામ મુસ્લિમ (રદીયલ્લાહો અન્હો) તરતજ મોટાભાઇના

હુકમને તાબે થઇ પોતાના બે નાના ફરઝંદ એક હઝરત મોહ-મ્મદ અને બીજા હઝરત ઇબ્રાહીમ ને સાથે લઇ સૈયદના ઇમામ આલી મુકામ હુસૈન (રદીયલ્લાહો અન્હો) ના નાયબ બનીને કુફા જવા માટે રવાના થયા.

કુફીઓએ હઝરત ઇમામ મુસ્લિમ (રદીયલ્લાહો અન્હો) નું શાનદાર સ્વાગત કર્યું. ઘણીજ ઇઝઝત અને તાઅઝીમથી કુફીઓ આપનો આદરમાન કરવા લાગ્યા. અનહદ અકીદત અને પ્રેમનો પુરેપુરો ઇઝહાર કર્યો. અને તે પણ ત્યાં સુધી કે એકી સાથે ચાલીસ હઝાર ઇરાકીઓએ હઝરત મુસ્લિમ બીન અકીલ (રદીયલ્લાહો અન્હો) ના હાથ પર ઇમામ હુસૈન (રદીયલ્લાહો અન્હો) ના નાયબ તરીકે ઇમામે આલી મુકામ ની બૈઅત કબુલ કરી, અને તેમના ખાદીમ અને જાનિશાર બની ગયા વફાદારી પૂર્વક વર્તવા લાગ્યા.

કુફાવાળાની આટલી બધી મહોબ્બત અને અકીદત જોઇને હઝરત ઇમામ મુસ્લિમ બીન અકીલ (રદીયલ્લાહો અન્હો ને તેમના પર સંપૂર્ણ વિશ્વાસ બેસી ગયો; કે સાચેજ આ લોકો આપણા વફાદાર સાથીઓ છે અને ભવિષ્યમાં આપણને વફાદાર રહેશે તેમ સમજીને પોતાના વડીલ બંધુ હઝરત સૈયદના હુસૈન (રદીયલ્લાહો અન્હો) ને આપે પત્ર લખીને ખબર મોકલી આપે કે ચાલીસ હજાર ઇરાકીઓએ મારા હાથ પર બૈઅત કબુલ કરી છ તેમણે પુરેપુરી વફા-દારીથી મારા સાથે વર્તાવ કર્યો છે. હવે આપ જલ્દીથી કુફા

તશરીફ લાવો." આ પ્રમાણે એક પત્ર હઝરત શહીદે આઝમની ખિદમતમાં મોકલી આપ્યો.

બીજી તરફ અહિયા કુફામાં આ વખતે કુફાના ગવર્નર પદે નોઅમાન બીન બશીર હતા. જેઓ અહેલે બૈતના ખાસ ખાદિમ અને મોતેકીદ હતા પણ યઝીદના તેઓ તાબેદાર હતા. આપે પણ હઝરત ઈમામ મુસ્લિમ બીન અકીલ (રદીયલ્લાહો અન્હો) ની ઘણીજ તાઅઝીમ કરી અને મહોબ્બતથી પેશ આવ્યા. કુફાના ગવર્નરનો આ વહેવાર જોઈને યઝીદપલીદના ખાસ જાસુસ મુસ્લિમ બીન યઝીદ અને ઉમારહબીન વલીદે યઝીદ પલીદને ખબર પહોંચાડી દીધી કે હોવદના ઇમામ આલી મુકામ (રદીયલ્લાહો અન્હો) ના ભાઈ તેમના નાયબ બની આવ્યા છે અને હઝારો લોકોએ તેમની બૈઅત કબુલ કરી છે. અને આપણા ગવર્નર નોઅમાન બીન બશીરે તેમના વિરૂદ્ધ હજુ સુધી કોઇ પણ પગલુ ભર્યું નથી અને તેમનું આ વલણ તમારા માટે ખતરનાક છે તો જલદીથી તમે આ ગવર્નરને બદલી કાઢો અને તેમની જગ્યાએ બીજા ગવર્નરને મોકલી આપો. યઝીદને આ ખબર મળતાની સાથેજ, એકદમ ઇર્ષાનો માર્યો લાલ પીળો થઇ ગયો અને તેણે તરતજ નોઅમાન બીન બશીરને ગવર્નર પદેથી દૂર કરીને તેમની જગ્યાએ ઉબેદુલ્લાહ બીન ઝિયાદની નિમણૂક કરી દીધી.

## ★ કુફીઓની બેવફાઈ ★

કુફાના ગવર્નર બનતાની સાથેજ ઉબેદુલ્લાહ બીન ઝીયાદે એલાન કરાવી દીધું કે, "જેમણે હઝરત મુસ્લિમ બીન અકીલ (રદીયલ્લાહો અન્હો) ની બૈઅત કબુલ કરી છે તેઓ તરતજ તેમના બૈઅતથી વિમુખ થઇ જાય અને તેમનો સાથ છોડી દે. જે વ્યકિત હઝરત મુસ્લિમ બીન અકીલનો સાથ નહિ છોડે તેમને સખ્ત શિક્ષા કરવામાં આવશે જે માણસ હઝરત મુસ્લિમ અને તેમના બાળકોને સહારો આપશે તેના ઘર લુટી લેવામાં આવશે. તેના બચ્ચાઓની કતલ કરવામાં આવશે".

આવુ જાહેર એલાન લશ્કર મારફત કરી દેવામાં આવતા કુફીઓ બીકના માર્યા થર થર ધ્રુજવા લાગ્યા અને ધીમે ધીમે હઝરત મુસ્લિમ બીન અકીલ (રદીયલ્લાહો અન્હો) નો સાથ છોડવા લાગ્યા. જે લોકોએ વચન આપ્યું હતું કે જીવનના છેલ્લા શ્વાસ સુધી અને લોહીની આખરી બુંદ સુધી તમારો સાથ નહિં છોડીશું તેવા જોત જોતામાંજ હઝરત મુસ્લિમથી વિખુટા થઇ ગયા અને તે પણ ત્યાં સુધી કે જ્યારે હઝરત ઇમામ મુસ્લિમ બીન અકીલ (રદીયલ્લાહો અન્હો) એ મગરિબની નમાઝ પઢાવી તો ૫૦૦ માણસ પાછળ હાજર હતા અને જ્યારે સલામ ફેરવી તો પોતાના બે માસુમ નાના ભુલકાઓ સિવાય કોઈ ન હતું આ બે સહારાઓનો ફક્ત ખુદાજ હાફિઝ હતો. દગાબાજ કુફીઓ

એ આપેલા વચનનો ભંગ કર્યો ઈમામ મુસ્લિમ માટે પગ તળેથી જમીન ખસવા લાગી. કોઈ પુછનાર પણ ન હતું કે કોઈ વાતચીત કરનાર પણ ન હતું. કોને ત્યાં જવું ? ક્યાં જવુ ? શુ ખાવું પીવું ? આ નિર્દોષ બાળકોને કોને હવાલે કરવા એક મહાન પ્રશ્ન બની ગયો હતો.

## ● ઈમામ મુસ્લિમની શહાદત ●

કુફાવાળાઓની આ બેવફાઈ અને હઝરત ઈમામ સૈયદના મુસ્લિમ બીન અકીલ (રદીયલ્લાહો અન્હો) સાથેના વિશ્વાસઘાતની દાસ્તાન ઘણીજ લાંબી અને દર્દનાક છે. ૧૫૦ આમંત્રણ પત્રો લખીને બોલાવેલા મોંઘેરા મહેમાન હઝરત મુસ્લિમ બીન અકીલ અને તેમના બન્ને નિર્દોષ બાળકોને દગો આપી નિર્દયતા પૂર્વક કરેલી કરૂણ શહાદતની કહાની પત્થર દિલ ઈન્સાનને પણ રડાવી મુકે તેવી છે

જાલિમ ઉબેદુલ્લાહ બીન ઝિયાદે આ મહાન શહીદોની મુબારક લાશોની બેહુરમતી કરી તેમના સરોને ભાલા પર ચઢાવી કુફાના બજારમાં સરઘસ આકારે ફેરવી કુફાના દરવાજા પર લટકાવી પોતાની બેશર્મી, નિર્દયતા, અને જુલ્મો સિતમનું જાહેર પ્રદર્શન કર્યું.

કુફાવાળાઓની આ બેવફાઇ અને દગાબાજી પર કેયામત સુધી લાઅનત થતી રહેશે અને એ ઝાલિમોને કોણ માફ કરશે ? હઝરત સૈયદના ઇમામ મુસ્લિમ બીન અકીલ (રદીયલ્લાહો અન્હો) અને આપના બન્ને નાની વયના

સાહેબઝાદાઓની શહાદતનો યાદગાર પ્રસંગ ઈતિહાસના પાને લોહીથી લખાયેલો છે. તે કરૂણ દિવસની તારીખ ૩. ઝીલહજ્જ હિજરી ૬૦ ની સાલ કદાપી નહિ ભૂલાય.

## શહીદે આઝમનું કુફા પ્રયાણ

શહીદે આઝમ ઈમામ હુસૈન (રદીયલ્લાહો અન્હો)ને ઈમામ મુસ્લિમ બીન અકીલ (રદીયલ્લાહો અન્હો) નો તે પત્ર મળી ગયો હતો જેમાં કુફાવાસીઓની બેહદ મહોબ્બત અને અકીદતમંદી સાથે ચાલીસ હજાર ઇરાકીઓએ આપના હાથ પર બૈઅત કરી વફાદારીનું વચનપાલન કર્યું છે. અને હવે ઈમામ આલી મુકામને કુફા આવવામાં કોઇ ભય નથી. તેથી આ ટપાલ મળતા જ હઝરત સૈયદના હુસૈન (રદીયલ્લાહો અન્હો) પોતાના ઘરના તમામ સંબંધીઓ સાથે ૩ ઝીલહજ્જ હિ. ૬૦ ના દિવસે મક્કાએ મોઅઝમાંથી કુફામ જવા રવાના થાય છે. આપના કાફલઃમાં કુલ ૭૨ માણસો હતા જેમાં ભાઇ-ભત્રીજા, બહેન-ભાણેજ, બીબી-બચ્ચા અને ગુલામ-આદીમોનો સમાવેશ થાય છે.

મક્કા શરીફના ઘણા સહાબાએ આપને કુફા નહિ જવા જણાવ્યું પણ આપને પોતાના ભાઇ ઈમામ મુસ્લિમના પત્ર પર સંપૂર્ણ વિશ્વાસ હતો અને કુફા જવાનું ઈમામ આલી મુકામે આ ખેચાણ આપની તકદીરમાં આમહાન શહાદતનો ઉચ્ચ દરજ્જો અંકિત હતો તેથી થયું હતું ખુદાએ પાકની મરઝીમાં કોઇથી ફેરફાર થઇ શકતો નથી

ઘણા બાળકોએ તે પણ કહ્યું કે આપને જવું હોય તો એકલા જાવ આ બીબીઓને અને બચ્ચાઓને સાથે ન લઇ જાવ. આપને તે પણ યોગ્ય ન લાગ્યું. કારણ કે ખાનદાને અહેલે-બૈતના તે ચમકતા સિતારાઓની શહાદત માટે મયદાને કરબલાની જમીન નક્કી થઈ ચુકી હતી.

### ** કરબલામાં શહીદ થનારા અહેલે બૈત **

ખાનદાને નુબુવ્વતના તે કયા કયા ચમકદાર સિતારા કરબલાની ભોમ પર શહાદતના જામ પીને અસ્ત થયા તેઓની આછી ઝલક જોઈએ.

(૧) હઝરત સૈયદના ઈમામ આલી મુકામ હુસૈન ઇબ્ને અલી (રદીયલ્લાહો અન્હો) .અને આપના બે સાહેબ જાદા હઝરત અલી અકબર (રદીયલ્લાહો અન્હો) બીજા હઝરત અલી અસગર (રદીયલ્લાહો અન્હો) બન્ને શહીદ થયા (૨) હઝરત ઈમામ હસન (રદીયલ્લાહો અન્હો) ના ત્રણ ફરઝંદ શહાદતના મર્તબાને પહોંચ્યા છે જેમા હઝરત કાસિમ બીન હસન. હઝરત અબ્દુલ્લાહ બીન હસન અને હઝરત અબુબકર (રદીયલ્લાહો અન્હો) નો સમાવેશ થાય છે. (૩) હઝરત અલી (કરમલ્લાહો વજહુહુ) ના પાંચ દિકરા એટલે ઈમામ આલી મુકામના સાવકા ભાઇઓ જેવા કે હઝરત અબ્બાસ બીન અલી, હઝરત મોહમ્મદ બીન અલી, હઝરત ઉસ્માન બીન અલી, હઝરત અબ્દુલ્લાહબીન અલી અને હઝરત જઅફર બીન અલી (રદીયલ્લાહો અન્હોમા)

પણ શહીદ થયા (૪) હઝરત ઇમામ આલી મુકામના કાકા હઝરત અકીલ બીન અબી તાલીબની ઓલાદમાં હઝરત ઈમામ મુસ્લિમ બીન અકીલ અને આપના બન્ને નાના બાળકો હઝરત મોહમ્મદ અને હઝરત ઇબ્રાહીમ (રદીયલ્લાહો અન્હોમાં) કુફામાં શહીદ થઇ ચુકયા હતા.

આ સિવાય હઝરત ઈમામ મુસ્લિમ બીન અકીલના ત્રણ ભાઈઓ જેવા કે હઝરત અબ્દુલ્લાહ બીન અકીલ, હઝરત અબ્દુલ રહેમાન બીન અકીલ અને હઝરત જઅફર બીન અકીલ (રદીયલ્લાહો અન્હોમા) પણ કરબલાના જંગમાં હાજર રહી શહાદતના દરજ્જે પહોચ્યા છે. (૫) ઈમામ આલી મુકામના બે ભાણેજ એટલે બીબી ઝયનબના ફરઝંદ હઝરત મોહમ્મદ બીન અબ્દુલ્લાહ અને હઝરત ઓન બીન અબ્દુલ્લાહ પણ કુમળી વયે મામાના સાથે રહી શહાદતનો જામ પીધો. કરબલાના મયદાનમાં હક્કની તરફદારી કરવા, દીને ઈસ્લામના પરચમને અનંતકાળ સુધી લહેરાવતો રાખવા કાજે ખાનદાને અહેલેબેતના આ નામાંકિત વીરલાઓએ પોતાનું સર્વસ્વ કુરબાન કરી દીધું

## ઈમામ મુસ્લિમની શહાદતના સમાચાર

ઈમામ આલી મુકામનો કાફલો કુફા તરફ મંઝિલ બ મંઝિલ આગળ વધી રહ્યો હતો અને હજુ સુધી ઇમામ મુસ્લિમ બીન અકીલ (રદીયલ્લાહો અન્હો)ની શહાદતના અને કુફાવાળાએ કરેલી બેવફાઇની જાણ સુદ્ધા આ કાફલાને

મળી નહોતી. પરંતુ જ્યારે આ કાફલાએ 'શોએલબીયા' ની જગ્યા પર મુકામ કર્યો અને ત્યાં બકરે અસદીથી મુલાકાત થઈ. તેઓ કુફાથી આવી રહ્યા હતા અને મક્કાએ મુઅઝઝમા તરફ જઈ રહ્યા હતા, તેમણે હુઝુર શહીદે આઝમની ખિદમતમાં હાજર થઈ બા અદબ કુફાની તાજા ખબર સંભળાવી. ઈમામ મુસ્લિમ બીન અકીલ અને તેમના બન્ને ફરઝંદોની શહાદતના ગમનાક સમાચાર આપ્યા.

હઝરત ઈમામ હુસેન (રદીયલ્લાહો અન્હો) કુફીઓની મક્કારી અને બેવફાઈની ખબર સાંભળતાની સાથેજ થોકી ઉઠયા અને તેમના દિલપર ગમનો કારમો ઘા તીરની જેમ લાગ્યો. ઈમામ આલી મુકામ સબ્રનો દામન પકડીને ખામોશ થઈ ગયા.

હઝરત ઇમામ મુસ્લિમ અને તેમના બન્ને દિકરાંઓની શહાદત અને કુફાવાળાઓએ કરેલી દગલબાજીની ખબર સાંભળી લોકોએ ઇમામ આલી મુકામને અરજ કરી કે અય! ફરઝંદે મુસ્તફા આપ પોતાના ઉપર અને ઘરવાળા ઉપર દયા લાવી અહિંથીજ પાછા ફરો એટલે ઈમામ હુસેન (રદીયલ્લાહો અન્હો) એ પાછા જવા માટે વિચાર કર્યો પણ હઝરત મુસ્લિમ બીન અકીલ (રદીયલ્લાહો અન્હો)ના ભાઈઓએ આપને કહ્યું કે આપ અગર પાછા ફરવા ઇચ્છતા હોય તો જઈ શકો છો પણ અમે તો અમારા બે ગુનાહ ભાઈની શહાદત અને માસુમ ભત્રીજાઓની કરૂણ શહાદતનો

બદલો લીધા વિના પાછા નહિ ફરીએ. અને હવે પાછા ફરીને અમારે જીવવું પણ નકામું છે. અમે પણ શહીદ થઇને અમારાથી જુદા પડેલા ભાઈ અને ભત્રીજાથી જઇને મળીશું. આ વાત સાંભળી શહીદે આઝમે ફરમાવ્યું, સારૂં હું પણ તમારી સાથેજ રહીશ જે તમારો હાલ થશે તે મારો થશે. તમારા પછી મારી જિંદગી પણ નકામી ગણાશે એમ વિચારી આપે કાફલાને આગળ વધવા આદેશ આપ્યો.

## હુર અને એક હજારનું લશ્કર

એહેલેબેતનો કાફલો થોડોક આગળ વધે છે કે એક હજારના લશ્કર સાથે હુરબીન યઝીદ રિયાહી ઇમામ હુસૈન (રદીયલ્લાહો અન્હો) ના માર્ગમાં દિવાલ બનીને ઉભો છે. હુરે શહીદે આઝમને સલામ કરીને કહ્યું કે અય ફરઝંદે રસૂલલ્લાહ ! મને યઝીદ ગવર્નર ઉબેદુલ્લાહ બીન ઝિયાદે આપની ધરપકડ માટે મોકલ્યો છે. પણ હું આપની ખિદમતમાં કોઇ બેઅદબી કરી શકતો નથી હું તો આપનો ગુલામ છું પણ એક માફી ચાહું છું કે આ ઝાલિમને તાબેદાર હોઈ તેનો હુકમ લાવ્યો છું અને આ મારી મજબુરી છે.

હુરની વાત સાંભળી આપે ફરમાવ્યું કે અય હુર ! "હું પોતે મારી ઇચ્છાથી કુફા આવ્યો નથી પણ મને ૧૫૦ અરજીઓ લખીને બોલાવ્યો છે",

હુરે કહ્યું "હઝરત આ બાબતનું મને કોઇ જ્ઞાન નથી. કોણે આપને અરજીઓ લખી, કયારે લખી એ વિષે હું કશુંજ જાણતો નથી".

ત્યારે ઈમામ આલી મકામે થેલામાંથી ૧૫૦ અરજીઓનો ઢગલો કરીને બતાવી. જુઓ આ તમારા કુફાના સરદારોની સહી સિક્કા સાથેની અરજીઓ અને તેમાંના કેટલાક તો હુર સાથે લશ્કરમાં મૌજુદ હતા ઈમામે તેમના નામ પોકારી પોકારીને કહ્યું કે શુ આ તમારી અરજીઓ નથી ? શું આ તમારી સહીઓ નથી ? પણ કોઇ ઉત્તર આપી શકયા નહિં. ઈમામની લલકાર સામે તમામ માથા ઝુકાવીને અબોલ થઈ ગયા. ઇમામ સાહેબે ત્યાં સુધી કહ્યું કે તમે ચાહતા હોય તો હુ હજુ પણ અહિંયાથી પાછો ચાલ્યો જાઉં પણ એટલી વારમાં તો એક ઊંટ સવાર આવી પહોંચે છે હુરને ટપાલ આપે છે હુર ટપાલ ખોલીને ઇમામ આલી મુકામને બતાવે છે. જુઓ આ ઉબેદુલ્લાહ બીન ઝિયાદનો મારા પર બીજો હુકમ છે અને તે લખે છે કે "મારો પત્ર તમને જ્યાં મળે ત્યાં તમે ઇમામ હુસૈનને ગીરફતાર કરી લો અને ન તો તેમને કુફા શહેરમાં આવવા દો ન તો તેમને વતન પાછા જવા દો "હુરે કહ્યું કે ઈબ્ને ઝિયાદ આપને ગિફરતાર કરવા માટે કેટલો તલપાપડ છે. હવે હું લાચાર અને મજબુર છું. આપને કઈ રીતે છોડી શકું. લાચાર હુરની આંખમાં આંસુઓ ઊભરાઈ આવ્યા કારણ કે એક વાત તો ચોક્કસ હતી કે

હુરના સિનામાં મહોબ્બતે આલે રસૂલ હતી. હુરે આવી પરિસ્થિતિમાં પણ દરેક નમાઝમાં હઝરત ઈમામ હુસૈન (રદીયલ્લાહો અન્હો) ની પાછળ નમાઝ અદા કરી આખરે ઈમામ શહીદે આઝમ એવા એક મયદાનમાં જઈ ચઢયા કે જ્યાં તડકાથી બચવા માથુ છુપાવવા એક પાંદડુ પણ ન જડે અને તરસ છીપાવવા પાણીનું એક ટીપુ પણ ન મળે તેવા વેરાન ઉજ્જડ મયદાનમાં આવી પડ્યા.

## * ઇમામ મયદાને કરબલામાં *

હિજરી ૬૧ ની બીજી મહોર્રમે શેરે ખુદાના શેર પોતાના નાનકડા કાફલા સાથે મયદાને કરબલામાં આવી પહોંચ્યા. હઝરતે આ જગ્યાનું નામ પુછ્યુ ખબર મળી કે લોકો તેને 'કરબલા' કહે છે.

કરબલાનુ નામ સાંભળતાજ આપને ખ્યાલ આવી જાય છે કે આ જગ્યાજ પોતાના જીવનની આખરી મંઝિલ છે. કારણ કે પોતાની શહાદતની ભવિષ્યવાણીની ખબર તો આપને બાળવયે પ્યારા નાનાજીએ સંભળાવી દીધી હતી. ભૂખ્યા અને તરસ્યા મયદાને કરબલામાં દીનની ખાતર સર્વ સમર્પણ કરવાનું છે. તેનો આપને પુરેપુરો ખ્યાલ હતો એટલે અહિયાજ રોકાવુ એ નક્કી કરી લીધુ.

શહીદે આઝમનો કાફલો હજુ તો બરાબર મયદાને કરબલામાં ઉતર્યો પણ ન હતો, બધો સામાન વેર વિખેર હતો. હજુ કોઇ વ્યવસ્થા પણ થઈ ન હતી અને ત્યાં અચા-

નક એક ઘોડેસ્વાર (કાસીદ–ટપાલી: ઇબ્ને ઝિયાદની ટપાલ લઈને આવી પહોંચે છે.

"તમે યઝીદની બૈઅત કબુલ કરો અથવા લડવા માટે તૈયાર થઈ જાવ".

ઇમામ આલી મુકામે એ પત્ર વાંચી તરતજ જમીન પર ફેંકી દીધો અને કહ્યું કે મારી પાસે અત્યારે કોઇ જવાબ નથી.

ઇબ્ને ઝિયાદ આવા જવાબથી ખુબજ ક્રોધે ભરાયો અને તેણે તરતજ લશ્કરને તૈયાર થવાનો હુકમ આપી દીધો અને ઉમર બીન સઅદને લશ્કરના સીપેહસલાર બનાવીને કરબલા તરફ દોડી જવા હુકમ કર્યો

ઇબ્ને સઅદ એક મશહુર સહાબી હઝરત સઅદ બીન અલી વક્કાસ (રદીયલ્લાહો અન્હો) ના ફરઝંદ હતા અને તે અહેલેબૈતની અઝમત અને જલાલતને ઘણીજ સારી રીતે જાણતા હતા માટે તેમણે આવી સીપેસાલારીનો ઇન્કાર કરી દીધો. ફરઝંદે અલી, નવાસએ નબી અને ખાતુને જન્નતના લાડલા પુત્રના લોહીથી પોતાના દામનને બચાવવ ઈમામની સામે લશ્કર લઈને જવાની ચોખ્ખી ના પાડી દીધી તેમ છતાંયે ઇબ્ને ઝિયાદે તેમને મજબુર કર્યા. અને કહ્યું કે કાં તો ઇમામ સામે લડવા તૈયાર થાવ કાં ગવર્નર પદની ઇચ્છાને છોડવા તૈયાર થાવ

પૈસો અને સત્તા દુનિયાની લાલચોમાંની સૌથી બુરી બલા છે. લાલચમાં ગમે તેવો મક્કમ પણ થાપ ખાઈ જાય છે. ઇબ્ને સઅદ પણ લાલચમાં ફસાઈ ગયો ને પાંચ હજારના લશ્કરનો વડો બનીને મયદાને કરબલામાં આવી પહોંચ્યો. નેહરે ફુરાત પર તેણે તંબુઓ લગાવી દીધા. ૫૦૦ સિપાહીઓનો પહેરો ફુરાત પર લાગી ગયો અને ઓર્ડર આપી દેવામાં આવ્યો કે સાકીએ કવસરના નવાસા અને તેમના ખાનદાન વાળાઓને એક ટીપું પાણી પણ લેવા દેશો નહિ. ઇબ્ને ઝિયાદે કુફાથી લશ્કર મોકલવાનું ચાલું જ રાખ્યું અને તે પણ ત્યાં સુધી કે ફરઝંદે મુસ્તફા હઝરત ઇમામ આલી મુકામ સૈયદના હુસૈન (રદીયલ્લાહો અન્હો) ના ફક્ત ૭૨ માણસોના કાફલા સામે દગાબાજ કુફીઓએ અને ઝાલિમ યઝીદી ઇબ્ને ઝિયાદે ૨૨ હજારનું લશ્કર ગોઠવી દીધું.

હૈરત કરવા જેવુ તો એ છે કે ઇમામના કાફલામાં જે ફક્ત ૭૨ માણસો હતા તેમાં બાળકો, સ્ત્રીઓ, ગુલામો અને વૃદ્ધોનો પણ સમાવેશ થાય છે આ મહેમાનો સાથે કુફી મેઝબાનોએ કરેલી બેવફાઇની દાસ્તાન કેટલી શરમ જનક અને ઘૃણા ઉપજાવનાર છે. આવનાર મહેમાન લડવા માટે નથી આવ્યા, તેમની પાસે પુરતા સાધન કે હથીયાર પણ નથી તેઓની સામે ૨૨ હજારનું લશ્કર ગોઠવી દઇને લડવા તૈયાર થઇ જવાનુ એલાન અપાઇ ગયુ છે આમ છતાંય કુફીઓનું ૨૨ હજારનુ લશ્કર આ મુઠ્ઠીભર અહેલે-

જોતથી એટલું ડરી રહ્યું છે કે તેમના સરદારો અને મોટા પહેલવાનો આ શેરે ખુદાના શેરોની સામે નજર મીલાવી શકતા નથી.

## ❋ અહેલેબૈત માટે પાણી ઉપર પ્રતિબંધ ❋

ફ્રીઓ અને યઝીદીઓ સારી રીતે જાણતા હતા કે હઝરત ઇમામ હુસૈન (રદીયલ્લાહો અન્હો) અને તેમના સાથવાળા શક્તિના અખૂટ ભંડાર એવા અલી મૌલાએ કાયનાતના વારસો છે. તેમનો મુકાબલો કરવો એ કોઈ રમત ન હતી. તેથી ઝાલિમોએ નક્કી કરી લીધું કે આ લોકો ઉપર પાણી બંધ કરવામાં આવશે તો જ તેમની તાકાત ઘટશે, અને આપણો વિજય થશે ઇબ્ને સઅદે ૭ મી મહોર્રમને મંગળવારે હુકમ આપી દીધો કે નહેરે ફુરાતનું ઠંડુ અને મીઠું પાણી ભલે યહુદી અને નશારા પીએ, કુફ્ફાર અને મુશ્રીક પી શકે છે કુતરા, ગધેડા અને ખચ્ચર ભલે પીએ પણ ફાતેમાહના લાલ એવા સૈયદના ઇમામ આલી મુકામ અને તેમના ઘરવાળાઓને એક ટીપુ પણ આપવું નહિં.

## ❁ શહીદે આઝમની મક્કમતા ❁

બીજી મહોર્રમથી દશમી મહોર્રમ સુધી ઈમામ આલી મુકામનો કાફલો બે વતન, બે સહારા કરબલાની જમીન પર કાયમ રહ્યા. ઈબ્ને ઝિયાદનો કાસિદ વારંવાર આપની પાસે આવતો અને કહેતો કે અય ઇમામ! અગર તમે તમારા પવિત્ર હાથ યઝીદના હાથમાં આપી તેની બૈઅત કબુલ કરી

લેશો તો આ ૨૨ હજારનું લશ્કર જે તમારા લોહીનું તરસ્યું છે તે તમારા કદમ ધોઈ ધોઇને પીશે અને યઝીદ તમારી જુતીઓને પોતાના માથાનો તાજ બનાવશે. અને તેના બધાજ ખજાનાની ચાવીઓ તમારા કદમોમાં મુકી દેશે અને આપ જે મુલ્કની ગવર્નરી ચાહશો તે આપશે અને અય ઈમામ ! અગર આપે યઝીદની બૈઅત કબુલ ન કરી તો તમે અને તમારા અહેલે બૈતના ખુનથી કરબલાની જમીન લાલ બની જશે. આપના નાના બાળકોને કતલ કરી દેવામાં આવશે. તેમના માથાઓને ભાલા પર ચઢાવીને કુફા અને દમીશ્કના બજારમાં સરઘસ રૂપે ફેરવવામાં આવશે. અને તેમની લાશો કફન–દફન વિના કરબલામાં પડી રહેશે, કુફાના ગુંડાઓ તમારા તંબુઓને લુંટી આગ લગાડશે, અહેલેબૈતની મા–દિકરીઓને જબરદસ્તીથી કુફા અને ત્યાંથી દમીશ્ક લઇ જવામાં આવશે.

મતલબ કે ઈમામ આલી મુકામને જાત જાતના પ્રલોભનો આપવામાં આવ્યા અને એવી ખોફનાક ધમકીઓ પણ આપવામાં આવી છતાં હઝરત સૈયદના ઈમામ હુસૈન (રદી-યલ્લાહો અન્હો) એ સત્યનો સાથ હરગીઝ ન છોડ્યો. નાના જાનની ઉમ્મતના માટે દીને ઈસ્લામના ઝંડાને લહેરાવતો રાખવા કાજે આપે તમામ લાલચોને ઠોકર મારી દરેક ધમકીઓનો સામનો કર્યો અને ચોખ્ખો જવાબ પણ સંભળાવી દીધો કે હું અને મારા ૭૨ સાથીદારો આ દીનના

રક્ષણ કાજે પોતાની જાનને કુરબાન કરવા તૈયાર છીએ પણ યઝીદપલીદના નાપાક હાથ પર બૈઅત હરગીઝ નહિં કરીએ.

"જાન માંગો તો જાન દે દે, માલ માંગો તો માલ દે દે, મગર યે હમસે કભી ન હોગા, કે નબીકા જાહોજલાલ દે દે'

## દશમી મહોર્રમ

હિજરી સન ૬૧ દશમી મહોર્રમને જુમ્આને દિવસે મયદાને કરબલામાં થયેલ સત્ય અને અસત્ય વચ્ચેનો જંગ એટલો કરૂણ અને દર્દનાક છે કે પત્થર દિલ ઇન્સાન પણ આ દાસ્તાન સાંભળે તો રડી ઉઠે છે ત્રણ ત્રણ દિવસની ભૂખ અને તરસ સાથે દીને હક્કની રક્ષા કાજે ખાનદાને અહેલેબેતે જે અજોડ બલીદાન આપ્યું છે. આ ત્યાગની ભાવના સભર કહાની માટે મારી અલ્પ બુદ્ધી ધરાવતી કલમ અશક્ત ગણાશે

ખુશ કિસ્મત હુર પણ યઝીદી ફોજથી નાતો તોડીને ઇમામ હુસૈન (રદીયલ્લાહો અન્હો ની પડખે આપના કદમો પર ઝુકી જઇ સૌ પ્રથમ શહાદતના મરતબાને પામ્યા. હઝરત હુર એક એવા નશીબદાર શખ્સ છે કે જે છેક દોઝખના કિનારા પરથી બચીને જન્નતી બની ગયા.

શિયદના ઇમામ આલી મુકામની નઝરો સામે એક પછી એક જાનિસારો પોતાની વીરતા બતાવીને દીને મોહમ્મદી પર પોતાની ગરદનો કપાવતા ગયા અને શહીદે આઝમ

તેમની પવિત્ર લાશોને પોતાના ખભા પર ઉપાડી ઉપાડીને લાવતા રહ્યા. પોતાની આંખ સામે સગા ભાઈ, ભત્રીજા અને ખુદના ફરઝંદોની શહાદતના દશ્યો આપ જોઈ રહ્યા. પણ ઈમામ કે, તેમના ઘરવાળા દરેક અબાલવૃદ્ધના મોઢે કોઈ પણ જાતની રોકકળ કે બેસબ્રીનું નામો નિશાન ન હતું. આપ સબ્રની એવી અડીખમ દિવાલ હતા કે તેમની જોડ દુનિયામાં છે પણ નહિં અને મળશે પણ ન હિં. અબ્બાસ અલમ બરદારની શહાદત પર ફરિશ્તાઓ કાંપી ઉઠયા. નવજુવાન દિકરા અલી અકબરની શહાદત પર જમીન ધ્રુજી ઉઠી માસુમ દૂધ પીતા અલી અસગરની શહાદત પર આસમાન રડી ઉઠયું પણ શહીદે આઝમે શિકવા કે ફરિયાદ આહ કે નાલાનો કોઈ શબ્દ ઉચ્ચાર્યો નથી. બહેન ઝયનબે પણ પોતાના બન્ને લાડકવાયા ફરઝંદો મોહમ્મદ અને ઔન ને મામાના કદમો પર કુરબાન કરી દીધા. ભવિષ્યમાં થનાર દામાદ અને વ્હાલા ભત્રીજા એવા દુલ્હા કાસિમ કે જેમની શાદી કરબલામાં રચાઈ અને મહેંદીના લાલ રંગના બદલે શહાદતનો લાલ રંગ કાયમી નશીબ થયો દુનિયાના દુલ્હા નહિં પણ જન્નતી દુલ્હા બનીને તેમણે પણ વિદાય લીધી. ઈન્ના લિલ્લાહે વ ઈન્ન અલયહે રાજેઊન.

## ❋ નાનાજાનનું આગમન ❋

દશમીની સાંજથી સવાર સુધી સૈયદના ઈમામ હુસૈન (રદીયલ્લાહો અન્હો)એ ઈબાદતમાં પસાર કરી, રાત્રીના છેલ્લે

વખતે આપ યાદે ઈલાહીમાં મગ્ન હતા. દુનિયા અને આસપાસના વાતાવરણની આપને ખબર સુદ્ધાં ન હતી એ મુબારક સમયે હુઝુર સરકારે દો આલમ તાજદારે અંબિયા હઝરત અહમદે મુજતબા મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો-અલયહિ વસલ્લમ મયદાને કરબલામાં તશરીફ લાવ્યા. ઘણાજ પ્રેમ અને વાત્સલ્ય ભાવથી નાના બાળકની જેમ ઈમામ આલી મુકામને પોતાની રહેમતભરી ગોદમાં લઈ લીધા અને પ્રેમનો ખૂબ ખૂબ વરસાદ વરસાવી દીધો અને આપે ફરમાવ્યું', 'હે મારી આંખની ઠંડક! હે મારા દિલના ટૂકડા! હે મારા વ્હાલા હુસૈન. દુશ્મનો તમારા લોહીના પ્યાસા બન્યા છે. એ હું જાણું છું. બેટા! તમે સબ્ર અને શુક્રથી આ અગ્નિ પરીક્ષામાં પાર ઉતરજો. આપના જેટલા દુશ્મન છે તે તમામ કાલે કેયામતમાં મારી શફાઅતથી વંચિત રહેશે. આપને શહાદતનો સૌથી ઉચ્ચ મર્તબો મળવાનો છે અને થોડાજ સમયમાં તમે આ કસોટીમાંથી ઉગરી જવાના છો. જુઓ આપના માટે જન્નતને દુલ્હનની જેમ શણગારવામાં આવી છે આપના વાલીદ અને વાલેદાહ બહિશ્તના દરવાજા પર આપનો ઈન્તઝાર (પ્રતિક્ષા) કરી રહ્યા છે".

આટલું ફરમાવીને બન્ને જહાનના સરદાર સાકીએ કવસર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ સૈયદના શહિદે આઝમના ચહેરા અને સીના પર હાથ ફેરવીને દુઆ કરી કે "અય અલ્લાહ મારા હુસૈનને સબ્ર અને અજર અતા ફરમાવ"

# * કરબલામાં ઇમામની તકરીર *

શહીદે આઝમ સૈયદના ઇમામ હુસૈન (રદીયલ્લાહો અન્હો) એ પોતાના પ્યારા નાનાજાનનો અમામો (પાઘડી) માથે બાંધ્યો બહાદુર પિતા હઝરતઅલીની જાણીતી તલવાર ઝુલ્ફીકાર હાથમાં લીધી અને કમર પર પટો બાંધી ઊંટ પર સવાર થઇ યઝીદી ફોજની સામે આવી બુલંદ અવાજથી ફરમાવવા લાગ્યા કે :–

"હે ઇરાકવાસીઓ ! તમે મને લડવા માટે બોલાવ્યો છે ? તમોએ મને અરજીઓ લખીને મહેમાન તરીકે નથી તેડાવ્યો ? મેં તમારૂં શું બગાડ્યુ છે ? મે તમારામાંથી કોનુ લોહી રેડાવ્યું છે ? તમે મારા અને મારા બાલ બચ્ચાઓના દુશ્મન શા માટે બન્યા છો ? અય કુફીઓ ! હું તમારા નબીનો અતિ વહાલો નવાસો છું. હું હૈદરે કર્રાર મૌલા અલીનો ફરઝંદ છુ. અય લોકો ! હું જન્નતની ઔરતોના સરદાર એવી બીબી ફાતેમાહનો લાડલો પુત્ર છું. અય ઝાલિમો તમે કોની સાથે બેવફાઇ અને ઝુલ્મ કરી રહ્યા છો જુઓ આ મારા માથા પર પયગમ્બરે ઇસ્લામ હુઝુર (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ) નો અમામો છે જુઓ મારા હાથમાં અલી શેરે ખુદાની તલવાર ઝુલ્ફીકાર છે અને હુ ઇસ્લામના પયગમ્બરની નિશાની છું. જુઓ ઇસાઇઓ હઝરત ઇસા (અલૈહિસ્સલામ ના ગધેડાની પણ તાઅઝીમ કરે છે. યહુદીઓ હઝરત મુસા (અલૈહિસ્સલામ) ના કદમને આજે પણ

ચુકી છે અને તમે કેવા મુસલમાન છો કે તમારા નબીના નવાસાનું લોહી પીવાના તરસ્યા અને જીવ લેવા તલપાપડ થયા છો. જુઓ આ તમારી અરજીઓ શું આ તમારા કાગળ નથી ? આમંત્રણ આપીને બોલાવેલા મહેમાન સાથે તમે શું કરી રહ્યા છો ?

શીયાના ઈમામ હુસૈન (રદીયલ્લાહો અન્હો) ના સવાલનો કોઈ જવાબ આપી શક્યા નહિ. હજારોનું લશ્કર પથ્થર જેવું નિષ્ઠુર બની ગયુ અને ઈમામ આલી મુકામ પોતાના ખેમામાં તશરીફ લાવ્યા.

## "આખરી વિદાય"

કરબલાના મયદાનમાં પોતાના બધાજ સાથીઓ અને ફરઝંદો અને સંબંધીઓ શહીદ થઇ ગયા છે. હવે ઈમામ આલી મુકામ જંગમાં જવાની તૈયારી કરી રહ્યા છે મીસરી કબા પહેરી નાનાજાનનો અમામો બાંધી. કમરે પટો બાંધી ઝુલ્ફીકારે હૈદરી હાથમાં લઈ ઝુલજીનાહ ઘોડા પર સવાર થઈ મયદાનમાં આવવા નિકળે છે ત્યાંજ બિમારીથી લાચાર આપના જુવાન પુત્ર હઝરત ઇમામ ઝયનુલ આબદીન (રદીયલ્લાહો અન્હો) મહા મુશ્કેલીએ પથારીમાંથી ઉભા થઇ અબ્બાજાનનો માર્ગ રોકે છે. વિનતી અને કાકલુદી કરીને કહે છે કે હજુ તો હુ જીવું છુ અને આપ જંગમાં કેમ જાવ છો ? મને પણ શહીદોમાં સામેલ થવની રજા આપો.

હું પણ મારા ભાઇઓથી મળવા જાઉં. અબ્બાજાન આપ રોકાઇ જાવ, જંગમાં જવાની મને ઇજાઝત આપો.

બિમાર બેટાની આરઝુ સાંભળી સૈયદના ઇમામ આલી મુકામની આંખોમાં આંસુઓ ઉભરાઇ આવે છે અને આપ ફરમાવે છે કે. ' અય મારી આંખોની ઠંડક ! તમે અહેલે બૈતના તણુઓ સંભાળો, શહાદતનો ઇરાદો ન કરો. રસૂલે ખુદા (સલ્લલાહો અલયહિ વસલ્લમ) ની આલની નસ્લ (ઓલાદ) તમારાથી દુનિયામાં કાયમ રહેશે અને તે આગળ વધશે તમારે લડવા જવાનુ નથી. આપનો આ ઇરશાદ સાંભળી બિમાર ઝયનુલ આબેદીન (રદીયલ્લાહો અન્હો) ખામોશ બની જાય છે

શહીદે આઝમ આપને ઘણી નશીહત અને વસીયત ફરમાવે છે તમામ ઝાહેર અને બાતેની ઇલ્મો અને રાઝ રહસ્યથી વાકેફ કરે છે. ઇમામતના ભેદ સમજાવે છે. રસૂલલ્લાહ થી ચાલ આવતા સીન બ સીના ઇલ્મે-લદુન્નીના બધાજ રાઝ અને તરીકાઓ આપને અર્પણ કરે છે અને બેમામાંથી દરેકથી વિદાય લઇ મયદાનમાં આવી પહોંચે છે.

## ✖ શહીદે આઝમની વીરતા ✖

નારે હક્ક લગાવી પોતાના ભાલા અને તલવાર સાથે દુશ્મનોની સફો ઉપર વીરતા પૂર્વક જવાબ આપતા રહ્યા. હજારોના લશ્કર સામે આપ એકલા હાથે લડતા રહ્યા. શેરે ખુદાના આ શેરે મયદાનમાં તરખાટ મચાવી દીધો. ત્રણ ત્રણ

દિવસની ભૂખ અને તરસ હોવા છતાં. સખ્ત ગરમી અને છાંયડાનું તો નામો નિશાન પણ ન હતું તો પણ હૈદરે કર્રારના ફરઝંદે તેમની ઝુલ્ફીકારથી સેંકડો દુશ્મનોના માથા ધડથી જુદા કરી દડાની જેમ દડતા કરી દીધા. આપ જે બાજુએ જતા ત્યાં યઝીદી ફોઝનું સત્યાનાશ વળી જતું. યઝીદીઓ હતાશ થઈ ગયા, નાશવા ભાગવા લાગ્યા

ઇબ્ને અસ્તહ નામના યઝીદીએ બુમ પાડી કે હે નામર્દો હવે તો ફકત ઈમામ એકજ છે. તમે આ એકને પણ નથી પહોંચી શકતા ? એનાથી ડરીને ભાગો છો હું જ તેમનો મુકાબલો કરીશ. એમ કહીને તે હઝરતની સામે આવ્યો આપે તલવારનો એવો વાર કર્યો કે તેને ઉભો જ ઘોડા સુધી આખો ચીરી નાખ્યો ને જહન્નમ ભેગો કરી દીધો.

યઝીદીઓથી એકલા હાથે આપનો મુકાબલો કરવો મુશ્કેલ હતું. તેમણે બધાએ ભેગા થઈને ઈમામની ઉપર તીરોનો વરસાદ વરસાવી દીધો અને ચારે તરફથી આપને ઘેરી લીધા આપનું શરીર ઝખ્મી બની ગયું. ઘોડો પણ અશક્ત થઈ ગયો. ઇમામ આલી મુકામના એક પવિત્ર નુરાની જિસ્મ પર કુલ નાના મોટા ૭૨ ઘા હતા. એક જાલિમનું તીર આપના ગળામાં વાગ્યું. લોહીની ફુવાર ઉડી. ઝરઆ ઇબ્ને શરીક અને શીમરે આપના હાથ પર અને સીનાન બીન અનસે આપની પીઠ પર ભાલાનો ઘા કર્યો. ઉપરા ઉપરી ઘા થવાથી આપ ઘોડા પરથી જમીન પર આવી

ગયા જાણે કે નમાઝમાં રૂકુઅની હાલતમાં હોય તેવી રીતે આપ નીચે ઉતરી ગયા હતા.

## આખરી સિજદો

ઝોહરનો સમય હતો. શીમર લઇને આવી પહોચ્યો અને આપની છાતી પર ચઢી ગયો. આપે આંખ ખોલી કહ્યું તું કોણ છે ? મરદુદે કહ્યું હું શીમર છુ

શહીદે આઝમે ફરમાવ્યુ, તારૂં પહેરણ ઉચુ કર અને તારી છાતી બતાવ. તેણે પહેરણ ઉંચુ કરીને તેની છાતી બતાવી. ઇમામે તેના પર ડાઘ જોઇ લીધો જે તેમના કાતિલની નિશાની હતી અને આ નિશાની હુઝુરે આપને ખ્વાબમાં બતાવી હતી કે તમારા કાતિલના સીના પર કાળો ડાઘ હશે.

શહીદે આઝમે ફરમાવ્યુ અય શીમર ! આજે કયો દિવસ છે ? શીમરે કહ્યું આજે જુમ્આ છે. આપે પુછયું અત્યારે કયો સમય છે ? શીમરે કહ્યું અત્યારે ખુત્બો પઢવાનો અને જુમ્આની નમાઝ પઢવાનો વખત છે.

ઇમામ આલી મુકામે ફરમાવ્યું. અત્યારે ખતીબો મીમ્બર પર મારા નાના જાનની તારીફ કરી રહ્યા હશે, આપના પર દરૂદ શરીફ મોકલી રહ્યા હશે, એવા સમયે તુ તેમના નવાસા સાથે કેવો વર્તાવ કરી રહ્યો છે. જ્યાં અલ્લાહના રસૂલે ચુંબન કર્યું હોય તેવા મુબારક ગાલ અને ગરદન પર તું ખંજર ચલાવવા ચાહે છે. તું મારા સીના પરથી જરા ખસીજા મારે નમાઝ પઢવી છે હું નમાઝની હાલતમાં હોઉં ત્યારે

તારે જેમ કરવુ હોય તેમ કરી લેજે નમાઝની હાલતમાં [illegible] એ તો મને મારા પિતાના વારસામાં મળેલી નેઅમત છે. અય ઝાલિમ ખસી જા, મને સિજદો કરવા દે.

શીમર લઇન આપના સીના મુબારક પરથી ઉતરી ગયો. સૈયદુશ્શોહદા તરતજ નમાઝમાં લીન બની ગયા શીમર લઇને તકનો લાભ લીધો સિજદાની હાલતમાંજ આપના સરમુબારકને તનથી જુદો કરી દીધો ત્યારે ફરિશ્તાઓ કંપી ગયા અને રડી ઉઠયા, જમીન ધ્રુજી ઉઠી, આસ્માન રોવા લાગ્યું, સૂરજ શરમાની ગયો, તેનું તેજ ફીકકું થઈ ગયું. કરબલાની જમીન ખાનદાને અહેલેબૈતના પવિત્ર ખુનથી રંગીન બની ગઇ. રહમતે આલમ નૂરે મુજસ્સમ શહનશાહે કૌનો મકાં અહમદે મુજતબા મોહમ્મદ મુસ્તફા (સલલ્લાહો અલયહિ વસલ્લમ)ના વ્હાલા નવાસા, શેરે ખુદા મૌલા અલી (કરમલ્લાહો વજહહુ)ના લાડકવાયા પુત્ર ખાતુને જન્નત હઝરત ફાતેમાહ ઝહરાના લખ્તે જીગર આ નાશવંત જગતથી ૧૦ મી મહોર્રમ જુમ્આ ને હિજરી સન ૬૧ ના દિને ઈસ્લામ અને ઈમામની હીફાઝત માટે સત્યનો પરચમ હંમેશા લહેરાવતો રાખવા કાજે શહીદ થઈ ગયા.

ઈન્નાલિલ્લાહેવ ઈન્ના એલયહે રાજેઉન. સાચેજ કોઈ શાયરે ખુબ સરસ કહ્યુ છે કે :–

"હક્કો જહાંમેં કર દિયા બાલા હુસૈનને,
બાતીલકે મુહ કો કર દિયા કાલા હુસૈનને.
સર દે કે દીને અહમદે મુસ્લિમ બચા લિયા.
નામે નબી કિયા હૈ દો બાલા હુસૈનને".

## • અજોડ અને ભવ્ય કુરબાની •

કરબલાના મયદાનમાં સૈયદના ઇમામ આલી મુકામે એવી અજોડ અને ભવ્ય કુરબાની આપી છે, જેની મહાન યાદગાર કેયામત સુધી તમામ માનવ જાત માટે એક ઉચ્ચ અને આદર્શ ભાવના પૈદા કરવા માટે હકની તરફદારીમાં સત્યનો સાથ પકડી રાખી જાન-માલ સર્વસ્વનો ભોગ આપવાનો ઉત્તમ સબક બની રહેશે દુનિયા રહેશે ત્યાં સુધી હઝરત ઇમામ હુસૈન (રદીયલ્લાહો અન્હો) નીં મહાન શહાદતની યાદગાર હંમેશા ખૂબજ અકીદત અને મહોબ્બત અને શાનો શૌકતથી મનાવવામાં આવશે કારણુ એજ છે કે તેમાં માનવ હક્કોનું રક્ષણુ કરવા માટે અપાયેલી ભવ્ય કુરબાની ની અજોડ ત્યાગ ભાવના છુપાયેલી છે

## આપણે શું કરવું જોઈએ ?

સૈયદુસ્સાદાત શહીદે આઝમ હઝરત સૈયદના હુસૈન (રદીયલ્લાહો અન્હો) પોતાનું ઘર લુંટાવીને સર કપાવીને અમોને સોનેરી શિખામણુ આપી ગયા કે (૧) મુસીબતના

સમયે સબ્ર અને ધીરજથી કામ લેવું (૨) દીનો-મિલ્લતના રક્ષણ માટે પોતાના બાલ બચ્ચા અને જાનની પણ પરવા કરવી નહિં (૩) શરીઅતનું ચુસ્તપણે પાલન કરવું (૪) ઇસ્લામ નો શત્રુ ગમે તેટલો મોટો બાદશાહ હોય કે માલદાર હોય કે મોટા લશ્કરવાળો હોય તો પણ તેની કોઇ દરકાર કરવી નહિં (૫) સત્યને કદી પણ ઝુકવા દેવું નહિં (૬) દીને ઈસ્લામના માટે શહીદ થઇ જવું (૭) ગુમરાહ અને ફાસીકથી કોઇ પણ જાતનો સંબંધ રાખવો નહિ મતલબ કે ઈસ્લામની જ્યોતને જળહળતી રાખવા સર્વસ્વ અર્પણ કરીને દીનની રક્ષા કરવી એજ હુસૈની શિખામણ છે.

---

"અભી તક કરબલાકી ખાક સે યે આવાઝ આતી હંય,
બલા બે આબ મરજાના બુરા બે આબરૂ રેહના".

---

દશમી મહોર્રમ આમ તો ઐતિહાસિક દષ્ટિએ ઘણીજ ખાનનામ તારીખ છે. જેટલી મહાન ઘટનાઓ ઘટી છે તે તમામ દશમી મહોર્રમે બની છે. આપણે આવા મહાન દિવસને કેવી રીતે ઉજવવો તે પણ જોઇ લેવું ઘણુંજ અગત્યનું છે. કારણ કે અમારા કેટલાક ભાઇઓ જાણે અજાણે દશમી મહોર્રમે નાજાએઝ, શરીઅતના વિરૂદ્ધ ખુરાફાતવાળા કાર્યો કરીને શહીદે કરબલાની રૂહ મુબારકને ખુશ કરવાને બદલે નારાજ કરતા હોય છે

જો આપણા સીનામાં શહીદે કરબલાની મહોબ્બત હોય તો આપણે તે તમામ બુરા કામોથી બચવું જોઈએ જેથી કરીને તે મહાન શોહદાઓની રૂહો નારાજ ન થાય

શરીઅતના પાલન માટે નમાઝના રક્ષણ માટે નમાઝની હાલતમાંજ ઈમામે આલી મુકામે શહાદત વ્હોરી છે. અફસોસ કે આજે આપણે કેવા મુસલમાન છીએ? કે ઈમામ હુસૈનને માનીને છીએ યા હુસૈન! યા હુસૈન! ના નારાઓ લગાવીએ છીએ પણ જે નમાઝ માટે સિજદાની અંદર ઈમામે સર કપાવી દીધું તે નમાઝથી આપણે કેટલા બધા ગાફીલ અને દૂર છીએ મુસલમાનો શરીઅત વિરૂદ્ધ કાર્ય કરીને પોતાની આખેરત શા માટે બગાડે છે? શું આવા મહાન શોહદાઓની યાદગાર ઢોલ, ત્રાસાઓ કે નગારા ટીપવાથી મનાવાય ખરી? કોઈ માણસ આવા મહાન દિવસે વાઘ સિહકે દિપડાનો વેશ ધારણ કરી વાંદરાની જેમ ઠેકડા મારતો ફરે તેને શરાઅત શું જાએઝ બતાવશે? બીન પાયેદાર મરસીયા ગાવા અને છાતીઓ કુટવી શું હઝરત ઇમામ હુસૈન રદીયલ્લાહો બન્હો) ને પસંદ પડશે? હરગીઝ નહિં આ તમામ બુરા કામોથી દૂર રહી શરીઅતે બતાવેલો માર્ગ અપનાવવો જોઈએ.

દશમી મહોર્રમ ની યાદગાર મનાવવી હોય તો શોહદાએ કરબલાની રૂહ મુબારકને ખુશી પહોંચે તે કામ પહેલા કરવા જોઇએ નઝરો ન્યાઝ કરવામાં આવે, દૂધ સરબત કે ખિચડો અથવા અન્ય સારી ન્યાઝ બનાવી તમામ શહીદોને

ઇસાલે સવાબ બક્ષી ન્યાઝ ખાનારા હકદારોને પ્રથમ ખવ-ડાવવી જોઇએ નિફ્લ નમાઝો પઢવામાં આવે, દશમી મહોર્રમ જેને આસુરા કહેવામાં આવે છે તે દિવસે રોઝા રાખવામાં આવે. એક રિવાયતમાં છે કે રમઝાન શરીફના ફર્ઝ રોઝા બાદ સૌથી વધારે ફઝિલત આસુરાનો રોઝો રાખે છે માટે દશમી મહોર્રમે આ તમામ નેક કામો કરીને શહીદે કરબલાની રૂહ મુબારકને ખુશ કરી પોતાની આખેરત પણ સુધારવી જોઈએ

અય ઇમામે આલી મુકામના ગુલામો અમે તેમના નામ પર મરી મીટવાવાળા સાચા સુન્ની બિરાદરો ! આવો આ તમામ બીદઅતો અને ખુરાફાતને છોડીને સાચા આલીમની સલાહ લઇને દશમી મહોર્રમને એવી રીતે મનાવો કે અલ્લાહ રાજી થઇ જાય, અલ્લાહના રસૂલ રાજી થઇ જાય, કરબલાનો દરેક શહીદ રાજી થઈ જાય. એજ સાચી મહોબ્બત છે અલ્લાહ તઆલા અમો સૌને તેના પ્યારા હબીબે પાક (સલ્લ-લ્લાહો અલયહિ વસલ્લમ ના વસીલાથી અને શોહદાએ કરબલા ના સદકામાં સાચી વાત સમજવા અને હક્ક પર કાયમ રહી દીન માટે મરી મીટવાની અમલી તૌફીક નશીબ કરે, અલ્લાહ તઆલા અમારા સીનાઓમાં અહેલેબૈતની મહોબ્બત અને નેક અકીદત ભરી આપે અને ઇમામે આલી મુકામના બતા-વેલા માર્ગ પર ચાલવાની તૌફીક આપે આમીન

શહીદે આઝમના મહાન મર્તબાને સમજવા અને સમ-જાવવા આપણો બુદ્ધીગંજ નાનો પડશે. પરન્તુ વાલીએ

હિન્દુસ્તાન ખ્વાજાએ ખ્વાજગાન હઝરત ખ્વાજા મોઇનુદ્દિન ચિશ્તી અજમેરી (રહમતુલ્લાહે અલયહ) નો ફકત આ એકજ શએર હુસૈની મર્તબાને સમજવા પુરતો છે. આપ ફરમાવે છે કે

"શાહ અસ્ત હુસૈન બાદશાહ અસ્ત હુસૈન,
દીન અસ્ત હુસૈન દીંપનાહ અસ્ત હુસૈન
સર દાદ ન દાદ દસ્ત, દર દસ્તે યઝીદ,
હક્કા કે બિનાએ લાઇલાહા અસ્ત હુસૈન".

(હુસૈન શાહ છે. હુસૈન બાદશાહ છે. હુસૈન દીન છે. હુસૈન દીનનું રક્ષણ છે. માથુ આપી દીધું પણ યઝીદના હાથમાં હાથ ન આપ્યો. સાચેજ લાઇલાહાની બુનિયાદ હુસૈન છે)

ઉપરોકત શએરમાં ખ્વાજા ગરીબ નવાઝ હઝરત મોઇનુદ્દીન ચિશ્તી રહમતુલ્લાહે અલયહે) હઝરત સૈયદના ઇમામ હુસૈનને દીને ઇસ્લામની બુનિયાદ કહ્યા છે. હવે વિચારો કે શહીદે આઝમની શાન કેટલી ઉચ્ચ છે. અલ્લાહ તઆલા અમો સૌને આપની અઝમતને સમજવાનો અને તેમના બતાવેલા માર્ગ પર ચાલી અમલ કરવાની તૌફીક નશીબ કરે.

—આમીન

[ ફક્ત અલ્લાહ બહેતર જાણકાર છે. ]

સમાપ્ત

# જાહેર અપીલ

ઉર્સે રઝાકી ધુમ હય સારે જહાં મેં
મકબુલ મેરે આકા હૈ દોનોં જહાં મેં

જુનાગઢની અગ્રગણ્ય સુન્ની સંસ્થા **"અંજુમને ખુદામે ગૌષીયા"** ના ઉપક્રમે આગામી સફર માસને "ઉર્સે રઝા" ના સ્વરૂપે શાનો શૌકતથી મનાવવાનું શાનદાર આયોજન કરવામાં આવેલ છે તે સમગ્ર ગુજરાતમાં આ પ્રકારનું **પ્રથમ** આયોજન છે જે બદલ અમો પ્રયોજકોને દિલી મુબારક બાદી પેશ કરીએ છીએ. આ કાર્યમાં તેઓને સફળતા મળે તેવી અમારી દિલી દુઆ છે.

આથી આપને પણ નમ્ર અપીલ છે કે આપના ગામમાં પણ સફર માસમાં આ રીતે કાર્યક્રમ બનાવીને "ઉર્સેરઝા" શાનો શૌકતથી મનાવશો. વધુ વિગત માટે નીચેના સરનામે સંપર્ક સાધવા વિનંતી.

**ઉર્સે રઝા કમિટી**
C/o. રઝવી નુરમોહંમદ,
ઉધીવાડા, જુનાગઢ.

૧૦ - ૧ - ૬૨ ૨૮/૧૬૨
૫ - ૧૦ - ૦૪ ૨૫૫/૬૨
- 3 - ૫5

## નાઅત શરીફ

અંકે હુસૈન લબપે હેં, સીના ભી દીલફીગાર હે
કીતના શહીદે નાઝ સે, એહલે જહાં કો પ્યાર હે
કરબલ કી સર જમીન કો, બાલો સે ઝાડતી હે માં
ઝખ્મી હે મેરા ગુલબદન, બીસ્તા યેહ ખારદાર હે
મર્દે દીલેર હર જવાં, પરવાને શમ્એ દીન કે
ઈસ્તાદા હે મચલ રહે હાથોંમેં ઝુલફીકાર હે
બાતીલ ગુરૂરે ખુદ શિકન, લાખોં કરે અગર સિતમ
ઉન્કી નઝરમેં ઝુફીગન, જલવયે જાને યાર હે
જીનેકો હમ તરસ્તે હે. મરને કો બેકરાર વોહ
રાહે ખુદામેં જાન કયા સો જાન ભી નીસાર હે
ખાનદાં સારા કટગયા, પર ન પડા જબી પે બલ
ઉન્કે સબાતો સબ્ર પર રેહમતે હક નીસાર હે
દીને નબીકા ગુલસીતા, ખુદ કે લેહલહા દીયા
સરદારે માલીકે જીનાં, દમ સે તેરે બહાર હે
ઝલઝલા થા જમીનમેં, સુર્ખ થા બન ગયા ફલક
તારે ગીરે ચીખે મલક. હુરેં ભી અશ્કબાર હે
ઈમાન કો જીલા મીલે, રોને કા ભી સીલા મીલે
હમ પર હે ફઝલે ઐઝદી, આલે નબીસે પ્યારહે
ચૌદા તબક કો દર્દ હે, સુરજ ભીગમ સે ઝર્દ હે
જામી તસબ્બુરાત મેં, કરબલ કા લાલાઝાર હે

★